ભારતીય રાજકારણમાં જ્યારે ધર્મ, વસ્તી અને સત્તાના સમીકરણોની ચર્ચા થાય છે, ત્યારે પાડોશી રાજ્ય રાજસ્થાન અને વાયબ્રન્ટ ગુજરાતના આંકડાઓ એક અનોખો વિરોધાભાસ રજૂ કરે છે. એક તાજા રાજકીય વિશ્લેષણ મુજબ, રાજસ્થાન અને ગુજરાત બંને રાજ્યોમાં મુસ્લિમ વસ્તીનું પ્રમાણ આશરે એકસરખું એટલે કે અંદાજે ૯ ટકા જેટલું છે. છતાં, બંને રાજ્યોની રાજકીય સંસ્કૃતિ અને જનતાના મિજાજમાં જમીન-આસમાનનો ફરક જોવા મળે છે. આ સરખામણીએ ગુજરાતના રાજકીય માહોલ પર ગંભીર સવાલો ખડા કરી દીધા છે. રાજસ્થાનની રાજકીય પરંપરા રહી છે કે ત્યાંની જનતા કોઈપણ એક પક્ષ કે નેતાને અફાટ સત્તા નથી સોંપતી. ત્યાં દર પાંચ વર્ષે પ્રજા શાસન બદલી નાખે છે અને સત્તાની ચાવી વિપક્ષને સોંપે છે. આ રાજકીય પરિવર્તનશીલતા છતાં રાજસ્થાનમાં ક્યારેય એવો ભય કે હૂહ ફેલાવવામાં નથી આવ્યો કે કોઈ ચોક્કસ સમુદાયના કારણે ત્યાંની બહુસંખ્યક જનતા કે 'હિંદુ અસ્મિતા' ખતરામાં આવી ગઈ હોય. રાજસ્થાનના મતદારો વિકાસ, રોજગાર અને સ્થાનિક મુદ્દાઓના આધારે મતદાન કરે છે, ડર કે ધ્રુવીકરણના આધારે નહીં. પ્રજા ત્યાં સરકારને માથા પર બેસાડવાને બદલે તેને પોતાના સેવક તરીકે જોવાનું પસંદ કરે છે. બીજી બાજુ, ગુજરાતની સ્થિતિ એકદમ વિપરીત છે. અહીં છેલ્લાં ત્રણ દાયકા (લગભગ ૩૦ વર્ષ)થી એક જ રાજકીય પક્ષનું એકછત્ર શાસન ચાલી રહ્યું છે. સવાલ એ થાય છે કે શું આ સતત ૩૦ વર્ષની ગુલામી કે એકતરફી ભક્તિ જનતાની મજબૂરી છે કે પછી કોઈ સુવ્યવસ્થિત ડરનું પરિણામ છે? રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે ગુજરાતમાં પ્રજાના મનમાં સતત એક એવો ડર બેસાડી દેવામાં આવ્યો છે કે જો સત્તા પરિવર્તન થશે તો સુરક્ષા જોખમાશે.

### પ્રજાના ટેક્સના લાખો રૂપિયા પાણીમાં!

# ડભોઈમાં લાપરવાહીની હદ : મહુડી ભાગોળમાં 20 વર્ષથી ધૂળ ખાતો કોમ્યુનિટી હોલ બન્યો ખંડેર

ડભોઈ

ડભોઈ નગરપાલિકા વિસ્તારના વિકાસના દાવાઓ સામે એક અત્યંત શરમજનક અને બેદરકારીભરી વાસ્તવિકતા સામે આવી છે. ડભોઈના વ્યસ્ત અને લોકવસ્તી ધરાવતા મહુડી ભાગોળ માછીવાડ ખાડા વિસ્તારમાં આજથી આશરે બે દાયકા પૂર્વે (૨૦ વર્ષ પહેલાં) પ્રજાના પરસેવાની કમાણી અને ટેક્સના લાખો રૂપિયાના માતબર ખર્ચે એક ભવ્ય કોમ્યુનિટી હોલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જોકે, કમનસીબી એ છે કે લોકઉપયોગી કાર્યો માટે બનેલો આ હોલ બન્યા બાદ આજદિન સુધી એક દિવસ માટે પણ જનતાના ઉપયોગમાં આવ્યો નથી! યોગ્ય જાળવણીના અભાવે અને વહીવટી તંત્રની ઘોર ઉદાસીનતાને કારણે આ ઈમારત આજે માત્ર શોભાના ગાંઠિયા સમાન અને ખંડેર



હાલતમાં ફેરવાઈ ગઈ છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, વીસ વર્ષ પહેલાં આ વિસ્તારના ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને સામાજિક પ્રસંગો કે જાહેર મેળાવડા માટે સગવડ મળી રહે તે હેતુસર આ હોલ બનાવવામાં આવ્યો હતો. પરંતુ, તંત્રની અણઘડ નીતિના કારણે બન્યા ત્યારથી જ તેને તાળા મારી દેવામાં આવ્યા હતા. સમય જતાં આ ઈમારત એટલી બધી જર્જરિત અને કન્ડમ થઈ ગઈ છે કે તે હવે આસપાસના લોકો માટે જીવનું જોખમ બની રહી છે. ચોમાસા કે વાવાઝોડાના સમયે આ માળખું ક્યારેય ધરાશાયી થઈ શકે છે અને કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે, છતાં તંત્રની આંખ ઉઘડવાનું નામ લેતી નથી.

હાલ આ જોખમી અને બિસ્માર બાંધકામને વહેલી તકે તોડી પાડવામાં આવે તેવી પ્રજાની પ્રબળ માંગ ઉઠી છે. સ્થાનિક નાગરિકો સરકાર અને નગરપાલિકા સમક્ષ ઉગ્ર રજૂઆત કરી રહ્યા છે કે આ નકામી જગ્યાનો યોગ્ય ઉપયોગ કરીને ત્યાં જનહિતની કોઈ યોજના લાવવામાં આવે.

આ વિસ્તારમાં ગરીબ પરિવારો માટે સારવાર અર્થે એક સરકારી દવાખાનું કે હેલ્થ સેન્ટર શરૂ કરવામાં આવે.

## ગાંધીનગરના કલોલમાં 'માં જોગણી'ના મંદિરમાં ત્રાટકનાર કુખ્યાત ચોર ઝડપાયો

### પાંચ ચાંદીના છત્તર સાથે પોલીસે બ્રિજેશ પ્રજાપતિને દબોચી લીધો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પાનકરવાસ ગામમાં આવેલ પવિત્ર જોગણી માતાના મંદિરમાં દેવી પ્રતિમાને નિશાન બનાવીને ચોરીની ઘટનાને અંજામ આપનાર તસ્કરો આખરે કાયદાના સળિયા પાછળ ધકેલાઈ ગયા છે. કલોલ પોલીસે બાતમીના આધારે અને સઘન તપાસના ચક્રો ગતિમાન કરીને મહેસાણા-અમદાવાદ હાઈવે પરથી બ્રિજેશ પ્રજાપતિ નામના યુવકની ધરપકડ કરી લીધી છે. પોલીસની આ કડક કાર્યવાહીથી ગુનેગારોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. મંદિરના પવિત્ર ગર્ભગૃહમાંથી માતાજીના શણગાર અને આસ્થાની પ્રતીક સમાન ચીજવસ્તુઓની ચોરી થતાં સ્થાનિક શ્રદ્ધાળુઓ અને ગ્રામજનોમાં ભારે રોષ અને આઘાતની લાગણી વ્યાપી ગઈ હતી. જોકે, કલોલ પોલીસ સ્ટેશનની ટીમે ટેકનિકલ સોર્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી આરોપીનો પત્તો મેળવી લીધો હતો. ઝડપાયેલા આરોપી બ્રિજેશ પ્રજાપતિ પાસેથી પોલીસે ચોરીમાં ગયેલા પાંચ કિંમતી ચાંદીના છત્તર સંપૂર્ણપણે રિકવર કરી લીધા છે, જેને પગલે ભક્તોએ હાશકારો અનુભવ્યો છે. પોલીસની આગવી ઢબે પૂછપરછ શરૂ, અન્ય ગુનાઓનો ભેદ ઉકેલાવાની શક્યતા : આરોપીની ધરપકડ બાદ કલોલ પોલીસે તેને રિમાન્ડ પર લેવાની તજવીજ હાથ ધરીને વધુ ઊંડાણપૂર્વક પૂછપરછ શરૂ કરી દીધી છે. પોલીસ એ વાતની ઝીણવટભરી તપાસ કરી રહી છે કે આ ચોરીમાં બ્રિજેશ એકલો જ સામેલ હતો કે પછી તેની સાથે અન્ય કોઈ શખ્સો પણ સંડોવાયેલા છે. આ ઉપરાંત, આસપાસના અન્ય ધાર્મિક સ્થળો કે વિસ્તારોમાં થયેલી ચોરીના કોઈ અનડિટેક્ટેડ ગુનાઓનો ભેદ પણ આ પૂછપરછ દરમિયાન ઉકેલાય તેવી પ્રબળ સંભાવના છે.

## તંત્રી લેખ...

# વિકાસની હાઈ-ફાઈ વાતો વચ્ચે દેવાનો ડામ: દેશની GDP વધી પણ સામાન્ય માણસ પર લોનનું જોખમી ભારણ વધી ગયું!

## આંકડાઓની ચમક-દમક પાછળ મધ્યમ વર્ગની વાસ્તવિક કરુણાંતિકા

દેશના વિકાસના મોટા દાવાઓ અને અર્થવ્યવસ્થા દુનિયામાં પાંચમા કે ચોથા નંબરે પહોંચ્યાના ગુણગાનો વચ્ચે એક એવી કડવી અને ડરામણી વાસ્તવિકતા સામે આવી છે, જેણે સામાન્ય નાગરિકોની ઊંઘ ઉડાડી દીધી છે. એક તરફ સરકાર દ્વારા દેશની મોટી આર્થિક વૃદ્ધિ (GDP Growth) અને ડિજિટલ ઈન્ડિયાના આંકડાઓ ગર્વભેર રજૂ કરવામાં આવે છે, તો બીજી તરફ જમીની હકીકત એ છે કે દેશનો સામાન્ય પરિવાર, વેપારી અને મધ્યમ વર્ગ દેવાના એવા ચક્રવ્યૂહમાં ફસાઈ ગયો છે જ્યાંથી બહાર નીકળવું હવે અશક્ય જેવું લાગી રહ્યું છે. મોટો પ્રશ્ન એ થાય છે કે જો ખરેખર દેશ આર્થિક રીતે સમૃદ્ધ થઈ રહ્યો છે, તો પછી ઘર-ઘરની તિજોરી ખાલી કેમ થઈ રહી છે અને બેંકોની લોન પર લોન લેવાનો સિલસિલો કેમ રેકોર્ડ સ્તરે પહોંચી ગયો છે?

## 2014 પછી બદલાયેલી બાજી: કમાણી સ્થિર, ખર્ચા અને દેવું આસમાને




વર્ષ ૨૦૧૪ પછીના રાજકીય અને નીતિગત બદલાવો બાદ દેશમાં મોંઘવારીનું રાક્ષસી સ્વરૂપ વધુ ભયાનક બન્યું છે. પેટ્રોલ-ડીઝલના વધતા ભાવ, રાંધણ ગેસના સિલિન્ડર, ખાદ્યતેલ, શાકભાજી અને દૂધથી લઈને જીવનજરૂરી તમામ ચીજવસ્તુઓ સામાન્ય માણસની પહોંચ બહાર જતી રહી છે. આ સાથે જ શિક્ષણ અને આરોગ્ય જેવા મૂળભૂત ક્ષેત્રો એટલા બધા મોંઘા થઈ ગયા છે કે સામાન્ય પરિવારની માસિક આવક હવે ઘરના ખર્ચાને પહોંચી વળવા માટે પૂરતી જ નથી પડતી.

ગુજરાતી પ્રજા જે તેની મહેનત અને વ્યાપારિક સૂઝબૂઝ માટે સમગ્ર દેશમાં જાણીતી છે, તેને પણ આજે ઘરનું ગુજરાન ચલાવવા, બાળકોની કૉલેજની ફી ભરવા કે પરિવારમાં કોઈ મેડિકલ ઈમરજન્સી ઊભી થાય ત્યારે ક્રેડિટ કાર્ડ સ્વાઈપ કરવા કે પર્સનલ લોન લેવાની ફરજ પડી રહી છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) અને અન્ય નાણાકીય સંસ્થાઓના ચોંકાવનારા રિપોર્ટ પણ સાક્ષી પૂરે છે કે ભારતીય પરિવારો પરનું પારિવારિક દેવું (Household Debt) આઝાદી પછીના અત્યાર સુધીના સૌથી ઊંચા સ્તરે પહોંચી ગયું છે. બેંકોમાંથી ઘર કે કાર ખરીદવાની લોન તો ઠીક, પરંતુ માત્ર ઘરના સામાન્ય અને રોજિંદા ખર્ચા ચલાવવા માટે લેવાતી રિટેલ લોન અને અનસિક્યોર્ડ લોનનું પ્રમાણ ચિંતાજનક રીતે વધ્યું છે. લોકો પોતાની મૂળભૂત જરૂરિયાતો સંતોષવા માટે પણ વ્યાજખોરો કે બેંકોના શરણે જવા મજબૂર બન્યા છે.

## વિકાસની વ્યાખ્યા પર સવાલ: શું આ સાચી પ્રગતિ છે કે માત્ર આંકડાઓની માયાજાળ?

જ્યારે અર્થવ્યવસ્થાના આંકડાઓ ઊંચા જવાનો દાવો થાય છે, ત્યારે એ પણ ગંભીરતાથી વિચારવું જરૂરી છે કે આ વિકાસનો ફાયદો કોને મળી રહ્યો છે? શું આ ગ્રોથ ખરેખર દેશના ૧૪૦ કરોડ લોકોનો છે કે પછી માત્ર ગણ્યાગાંઠ્યા મુઠ્ઠીભર અબજોપતિઓ અને કોર્પોરેટ ઘરિયાઓનો? વાસ્તવિકતા એ છે કે બેફામ મોંઘવારી અને બેરોજગારીના દલદલમાં ફસાયેલા મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગની બચત (Savings) તળિયે બેસી ગઈ છે.

આજથી દસ વર્ષ પહેલાં જે પરિવાર મુશ્કેલ સમય માટે થોડીઘણી બચત કરી શકતો હતો, તે જ પરિવાર આજે પોતાની જૂની બચત, એફડી (FD) કે સોનું વેચીને ઘર ચલાવી રહ્યો છે.

આજના સમયમાં લોકો ભવિષ્ય માટે બચત કરવાના બદલે દર મહિને કમાણીનો મોટો હિસ્સો બેંકોના હપ્તા (EMI) ભરવામાં જ હોમી રહ્યા છે. વિકાસના આ ચમકતા પૂઠા પાછળ સામાન્ય માણસનું આર્થિક શોષણ થઈ રહ્યું છે, જે દેશના લાંબા ગાળાના સામાજિક અને આર્થિક સ્વાસ્થ્ય માટે ભારે ખતરનાક સંકેત છે. જો સામાન્ય માણસ જ સદ્ધર નહીં રહે, તો આ અસ્થાયી આર્થિક વિકાસનો કોઈ જ અર્થ સરતો નથી.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# મનમોહન સિંહની યાદ કેમ સતાવે છે? 'મોદી દેશ માટે વિનાશક હશે'થી લઈને લોકશાહીના રક્ષણ સુધીની અકથ્ય કહાની!

## એક ઈમાનદાર અર્થશાસ્ત્રીથી લઈને દેશના પ્રશાસક સુધીની સફર: ભારતના પૂર્વ વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહનું જીવન અને તેમનો વિવાદાસ્પદ પણ સુવર્ણ ઈતિહાસ

જ્યારે પણ દેશની આર્થિક સ્થિતિ, લોકશાહીના મૂલ્યો અને રાજકીય સંવેદનશીલતાની વાત આવે છે, ત્યારે ડૉ. મનમોહન સિંહનું નામ સૌથી મોખરે આવે છે. ૨૬ સપ્ટેમ્બર ૧૯૩૨ના રોજ જન્મેલા અને ૨૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ આ દુનિયાથી વિદાય લીધેલા ભારતના આ અનન્ય નેતા અને અર્થશાસ્ત્રીના જીવન પર નજર કરીએ તો અનેક રોચક અને હચમચાવી નાખનારી વાતો સામે આવે છે. પંજાબ યુનિવર્સિટી, કેમ્બ્રિજ અને ઓક્સફોર્ડમાં ઉચ્ચ શિક્ષણ મેળવનાર મનમોહન સિંહ પહેલા એક કુશળ અર્થશાસ્ત્રી અને પ્રશાસક હતા, અને તે પછી રાજકારણી બન્યા હતા. આરબીઆઈ (RBI) ના ગવર્નર અને આયોજન પંચના ઉપાધ્યક્ષ તરીકે સેવા આપ્યા બાદ, ૧૯૯૧માં પી.વી. નરસિંહ રાવ સરકારમાં નાણામંત્રી બન્યા ત્યારે ભારતનું અર્થતંત્ર ગંભીર કટોકટીમાં હતું અને વિદેશી મુદ્રાભંડાર માત્ર થોડા અઠવાડિયા ચાલે તેટલો જ બાકી હતો. તે કપરા સમયમાં તેમણે રૂપિયાનું અવમૂલ્યન, ઔદ્યોગિક લાઈસન્સિંગ નાબૂદ, આયાત જકાતમાં ઘટાડો અને એફડીઆઈ (FDI) ના દરવાજા ખોલીને ૧૯૯૧ના ઐતિહાસિક ઉદારીકરણનો પાયો નાખ્યો હતો.

મનમોહન સિંહના શાસનકાળની સોનેરી સિદ્ધિઓ: જ્યારે ભારત આર્થિક મહાસત્તા બનવાની રાહ પર હતું

૨૦૦૪માં યુપીએ (UPA) ના અણધાર્યા વિજય બાદ સોનિયા ગાંધીએ વડા પ્રધાનપદનો અસ્વીકાર કરતા મનમોહન સિંહની પસંદગી કરવામાં આવી હતી. તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ શીખ વડા પ્રધાન બન્યા અને જવાહરલાલ નહેરુ પછીના એવા પ્રથમ વડા પ્રધાન બન્યા જેમણે પાંચ વર્ષનો પૂરો કાર્યકાળ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ ફરીથી ચૂંટણી જીતી હતી.

આર્થિક વિકાસ અને ગરીબી નિવારણ: યુપીએ-૧ (૨૦૦૪-૨૦૦૯) દરમિયાન દેશનો સરેરાશ વિકાસ દર ૮ ટકાની આસપાસ રહ્યો હતો. ૨૦૦૮ની વૈશ્વિક મંદીની અસર પણ ભારત પર નહિવત રહી હતી. તેંડુલકર સમિતિના અંદાજ મુજબ લાખો લોકો ગરીબી રેખાથી ઉપર આવ્યા હતા.

ક્રાંતિકારી કાયદાઓ અને યોજનાઓ: મનરેગા (૨૦૦૫), માહિતીનો અધિકાર (RTI, ૨૦૦૫), શિક્ષણનો અધિકાર (૨૦૦૯), રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો (૨૦૧૩) અને આધાર (Aadhaar) નો પાયો નાખવાનું મહત્ત્વપૂર્ણ કામ તેમના જ શાસનમાં થયું હતું.

તિહાસિક પરમાણુ કરાર: ભારત-અમેરિકા નાગરિક પરમાણુ કરાર (૨૦૦૮) દ્વારા તેમણે ભારતને આંતરરાષ્ટ્રીય પરમાણુ એકલતામાંથી મુક્ત કરાવ્યું હતું. દેશનું અર્થતંત્ર ૨૦૦૪માં ૭૦૦ બિલિયન ડૉલરથી વધીને ૨૦૧૪ સુધીમાં આશરે ૨ ટ્રિલિયન ડૉલર સુધી પહોંચી ગયું હતું.

યુપીએ-૨ નો સમય અને કટોકટી: ભ્રષ્ટાચારના આક્ષેપો અને 'મનમૌન' ની છાપ



બીજા કાર્યકાળ દરમિયાન મોંઘવારી, ૨૦૧૩માં રૂપિયાનું ઘટતું મૂલ્ય અને નીતિગત સ્થિરતાના પ્રશ્નો ઊભા થયા. ગઠબંધનની મજબૂરીઓ અને ડાબેરી કે પ્રાદેશિક પક્ષોના ટેકા વચ્ચે ચાલતી સરકારમાં તેમને 'નબળા વડા પ્રધાન' કે 'રિમોટ કંટ્રોલથી ચાલતી સરકાર' કહીને મજાક ઉડાવવામાં આવી. ૨જી સ્પેક્ટ્રમ, કોલસા ફાળવણી (કોલગેટ) અને કૌભાંડોના આક્ષેપો વચ્ચે અન્ના હજારેના આંદોલને રાજકીય વાતાવરણને હચમચાવી દીધું. જોકે, પાછળથી અદાલતોમાં તેમની સામે કે કોઈ પણ મોટા નેતા સામે વ્યક્તિગત ગુનાહિત આરોપો સાબિત થયા ન હતા અને ૨જી કેસમાં આરોપીઓ નિર્દોષ છૂટ્યા હતા. તેમ છતાં, સિસ્ટમની ખામીઓ અને મીડિયા સમક્ષ પ્રભાવી સંચાર ન કરી શકવાના કારણે તેમની છબીને નુકસાન પહોંચ્યું હતું.

પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય. કુરેશીના પુસ્તકનો મર્મી કિસ્સો: જ્યારે મનમોહન સિંહ આત્મહત્યા કરવાની વાત પર ઉતરી આવ્યા!

પ્રખ્યાત લેખક પ્રફુલ્લ કોલખ્યાનના વિશ્લેષણ અને એસ.વાય. કુરેશીના પુસ્તક 'India and I: A Hundred Memories, Not a Memoir' માંથી એક અત્યંત હચમચાવી નાખનારી ઘટના બહાર આવે છે. જાન્યુઆરી ૨૦૧૨માં જ્યારે ઉત્તર પ્રદેશ ચૂંટણી વખતે તત્કાલીન કાયદા મંત્રી સલમાન ખુર્શીદે મુસ્લિમ અનામતનું નિવેદન આપ્યું, ત્યારે મુખ્ય ચૂંટણી કમિશનર કુરેશીએ તેની સખત નિંદા કરી હતી. કેટલાક મંત્રીઓની ટિપ્પણીથી દુઃખી થઈને કુરેશીએ પીએમના મીડિયા સલાહકારને ફરિયાદ કરી હતી.

બીજા દિવસે ડૉ. મનમોહન સિંહે કુરેશીને ૭ રેસકોર્સ રોડ પર બોલાવ્યા. વડા પ્રધાન દરવાજા પર તેમની રાહ જોઈ રહ્યા હતા અને બેસતાની સાથે જ અત્યંત ભાવુક થઈને કહ્યું, "હરીશે મને કહ્યું કે તમને દુઃખ પહોંચ્યું છે. જો તમે આવું વિચારશો, તો હું આત્મહત્યા કરીશ!"

મનમોહન સિંહનું આ નિવેદન દર્શાવે છે કે તેઓ બંધારણીય સંસ્થાઓ અને લોકશાહીના સ્તંભો પ્રત્યે કેટલા ગંભીર અને સંવેદનશીલ હતા. તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે ચૂંટણી પંચ આપણી લોકશાહીનો આત્મા છે.

### 'નરેન્દ્ર મોદીનું વડા પ્રધાન બનવું દેશ માટે વિનાશક હશે!'

૪ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ પોતાની અંતિમ પત્રકાર પરિષદમાં ડૉ. મનમોહન સિંહને જ્યારે રાહુલ ગાંધી અને નરેન્દ્ર મોદી વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે અત્યંત સ્પષ્ટતાથી કહ્યું હતું કે, 'નરેન્દ્ર મોદીનું વડા પ્રધાન બનવું દેશ માટે વિનાશક હશે!' આજના સમયમાં જ્યારે દેશની લોકશાહી, બંધારણીય સંસ્થાઓ અને આર્થિક અસમાનતાની સ્થિતિ જોવામાં આવે છે, ત્યારે મનમોહન સિંહના એ શબ્દો અક્ષરસઃ સાચા પડતા દેખાય છે.

ભલે આજે રાજકીય પક્ષો દ્વારા તેમને 'મૌન વડા પ્રધાન' તરીકે ખિત્તા આપવામાં આવ્યા હોય, પરંતુ ઈતિહાસ હંમેશાં તેમની પ્રામાણિકતા, આર્થિક સુધારાઓ અને લોકશાહીના માળખાને મજબૂતાઈથી સાચવી રાખવા બદલ તેમનું નામ સોનેરી અક્ષરે યાદ રાખશે!

# મહારાષ્ટ્ર બાદ હવે ગુજરાતમાં પણ દુષ્કાળ જાહેર કરવાની માંગ નોંધાઈ

## ઈસુદાન ગઢવીની સરકાર સામે ગર્જના, અન્નદાતાઓની દયનીય હાલત પર સવાલો!

પાડોશી રાજ્યમાં દુષ્કાળ જાહેર થતાં જ ગુજરાતના ખેડૂતોના સળગતા પ્રશ્નો સાથે રાજકારણ ગરમાયું: અન્નદાતાઓની આંસુ ભરેલી કહાની

જ્યારે પડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં ગંભીર સ્થિતિને જોતા દુષ્કાળ જાહેર કરવામાં આવ્યો છે, ત્યારે ગુજરાતના



ખેડૂતોના હિતોને લઈને પણ હવે અત્યંત ગંભીર અને સળગતા સવાલો ઊભા થયા છે. વરસાદની અનિયમિત અછત, નિષ્ફળ ગયેલા પાક અને રાત-દિવસ મહેનત કરતા અન્નદાતાઓની દયનીય આર્થિક સ્થિતિ વચ્ચે ગુજરાત સરકાર સામે પણ રાજ્યમાં દુષ્કાળ જાહેર કરવાની પ્રબળ માંગ ઉઠી છે. આમ આદમી પાર્ટીના અગ્રણી નેતા ઈસુદાન ગઢવીએ આ મુદ્દે સરકારને ઘેરીને આકરા પ્રહારો કર્યા છે અને ખેડૂતોની વેદના વાચા આપી છે.

### ઈસુદાન ગઢવીના સરકાર પર પ્રહાર: "શું ગુજરાતના ખેડૂતો મધ્યમ વર્ગ કે ગરીબ નથી?"

મહારાષ્ટ્રની જેમ જ ગુજરાતમાં પણ લાંબી ખેંચ અથવા તો અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિના કારણે ખેડૂતો પાયમાલ થઈ ગયા છે. ખેતરોમાં પાક સુકાઈ રહ્યો છે અને બેંકના દેવા તથા લોનના હપ્તા ચૂકવવા માટે ખેડૂત લાચાર બન્યો છે. આ ગંભીર મુદ્દે ઈસુદાન ગઢવીએ સરકારની આંખ ઉઘાડતા સવાલો ઉઠાવ્યા છે કે:

વરસાદની અછત અને નુકસાન: રાજ્યના અનેક વિસ્તારોમાં સમયસર પૂરતો વરસાદ ન મળવાને કારણે અથવા તો કમોસમી વરસાદના કારણે ખેડૂતોના હાથમાંથી મોંમાં આવેલો કોળિયો છીનવાઈ ગયો છે.

સરકારની ઉદાસીનતા: ખેડૂતોને પૂરતું વળતર કે સહાય આપવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે, ત્યારે મહારાષ્ટ્રની જે પર ગુજરાતમાં પણ તાત્કાલિક ધોરણે દુષ્કાળ જાહેર કરીને ખેડૂતોને આર્થિક પેકેજ અને રાહત આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

### ખેડૂતોની હાલાકી અને અસ્તિત્વની લડાઈ

ગુજરાતનો ખેડૂત આજે અન્નદાતા હોવા છતાં પોતાની પરસેવાની કમાણી માટે વલખાં મારી રહ્યો છે. વીજળીની અનિયમિત લાઈટ, મોંઘા ખાતર-બિયારણ અને પાકના યોગ્ય ટેકાના ભાવ ન મળવાના કારણે ગ્રામીણ અર્થતંત્ર ભાંગી પડ્યું છે. ઈસુદાન ગઢવી દ્વારા ઉઠાવવામાં આવેલી આ માંગ માત્ર એક રાજકીય નિવેદન નથી, પરંતુ ગુજરાતભરના લાખો પીડિત ખેડૂતોની આંતરડાની ચીસ છે.

હવે જોવાનું એ રહે છે કે અન્નદાતાઓની આ વેદના સાંભળીને સરકાર ક્યારે જાગે છે અને ખેડૂતોના હિતમાં શું નક્કર પગલાં ભરે છે!

# રાજકારણમાં ભૂકંપ: કેરળના પૂર્વ મુખ્ય સચિવનો મોટો ધડાકો

## જ્ઞાનેશકુમારે ભાજપ તરફથી ચૂંટણી લડવા અને કેન્દ્રીય મંત્રી બનવાની ઓફર કરી હતી!

ષડયંત્ર કે રાજકીય સોદો? સરકારી સેવામાં હતા ત્યારે જ થયો હતો મોટો ખેલ

સહકાર અને સત્તાના કોરિડોરમાંથી એક અત્યંત ચોંકાવનારો અને વિવાદાસ્પદ ખુલાસો સામે આવ્યો છે. કેરળના પૂર્વ મુખ્ય સચિવ જીજી થોમસને એક અગ્રણી ન્યૂઝ વેબસાઈટ ઑનમનોરમાને આપેલા વિસ્ફોટક ઈન્ટરવ્યૂમાં



દાવો કર્યો છે કે, જ્યારે તેઓ સરકારી સેવામાં સક્રિય હતા, ત્યારે વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારે તેમને ભાજપની ટિકિટ પર લોકસભાની ચૂંટણી લડવા માટે પ્રસ્તાવ મૂક્યો હતો. એટલું જ નહીં, જો ચૂંટણી જીતી જવાય તો સીધા કેન્દ્રીય મંત્રી બનાવવાની લાલચ પણ આપવામાં આવી હોવાનો સનસનાટીભર્યો આરોપ લાગ્યો છે.

### વીઆઈપી ફ્લાઈટમાં થઈ હતી ગુપ્ત વાતચીત

મળતી માહિતી મુજબ, આ ઘટના વર્ષ 2016 દરમિયાન દિલ્હી જતી એક ફ્લાઈટમાં મુસાફરી કરતી વેળાએ બની હતી. તે સમયે બંને ઉચ્ચ અધિકારીઓ સરકારી જવાબદારી સંભાળી રહ્યા હતા. અચાનક સામે આવેલી આ વાતચીતે રાજકીય આલમમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે. એક તરફ જ્યાં દેશની મોટી સંસ્થાઓની નિષ્પક્ષતા પર સવાલો ઉઠી રહ્યા છે, ત્યારે આ ખુલાસાએ આગમાં ઘી હોમવાનું કામ કર્યું છે.

### જીજી થોમસને ફગાવી દીધો હતો પ્રસ્તાવ

જોકે, આ સમગ્ર વિવાદ વચ્ચે પૂર્વ મુખ્ય સચિવ જીજી થોમસને સ્પષ્ટ કર્યું છે કે તેમણે આ પ્રસ્તાવને એકસરે નકારી કાઢ્યો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું કે તેમને ચૂંટણીલક્ષી રાજકારણમાં જવામાં કે કોઈ રાજકીય પક્ષના જોરે હોદ્દા મેળવવામાં કોઈ જ રસ નથી. સરકારી પદ પર રહીને આ પ્રકારે રાજકીય પક્ષ માટે લોબિંગ કરવું કે ઓફર આપવી તે બાબતે થોમસને પણ ભારે આશ્ચર્ય વ્યક્ત કર્યું છે.

### રાહુલ ગાંધી અને વિપક્ષના નિશાના પર ચૂંટણી પંચ

આ ધડાકા બાદ રાષ્ટ્રીય રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સહિતના વિપક્ષી નેતાઓ પહેલેથી જ ચૂંટણી પંચની નિષ્પક્ષતા સામે ગંભીર સવાલો ઉઠાવી રહ્યા છે. હવે આ ખુલાસો સામે આવ્યા બાદ વિપક્ષે જ્ઞાનેશકુમાર સામે આક્રમક વલણ અપનાવ્યું છે અને આખા પ્રકરણની તીવ્ર ટીકા કરી છે. દેશના લોકતંત્ર અને બંધારણીય સંસ્થાઓની વિશ્વસનીયતા પર આ ઘટનાએ ફરી એકવાર મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ખડા કરી દીધા છે.

# બેંક હડતાળ વચ્ચે ગ્રાહકો માટે ખુશખબર: SBI અને PNB સહિતની સરકારી બેંકોએ આપી મોટી રાહત, ATMમાંથી કેશ ઉપાડવી થશે ફ્રી!

## પાંચ દિવસીય બેંકિંગની માંગ સાથે દેશવ્યાપી હડતાળ: ગ્રાહકોની ચિંતા દૂર કરવા બેંકોનો મોટો નિર્ણય

દેશભરમાં બેંક કર્મચારી યુનિયનો દ્વારા આગામી ૨૮ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન બેંક હડતાળનું એલાન કરવામાં આવ્યું છે. બેંકોમાં પાંચ દિવસીય બેંકિંગ (Five-day banking) અને અન્ય પડતર માંગણીઓને લઈને થનારી આ હડતાળના કારણે સામાન્ય નાગરિકો અને ખાતદારોની મુશ્કેલીઓ વધી જવાની પૂરી સંભાવના હતી. બેંકો બંધ રહેવાની સ્થિતિમાં રોકડની લેવડદેવડ અને નાણાકીય વ્યવહારો ખોરવાઈ ન જાય તે માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI), પંજાબ નેશનલ બેંક (PNB) સહિતની તમામ અગ્રણી સરકારી બેંકોએ દેશના કરોડો ગ્રાહકોને મોટી રાહત આપવાની જાહેરાત કરી છે. હડતાળના ત્રણ દિવસ દરમિયાન ATM ટ્રાન્ઝેક્શન ચાર્જ સંપૂર્ણપણે માફ! બેંક સૂત્રોના જણાવ્યા અનુસાર, હડતાળના આ ત્રણ દિવસો દરમિયાન ગ્રાહકોને નાણાકીય કટોકટીનો સામનો ન કરવો પડે તે માટે ખાસ વ્યવસ્થાઓ કરવામાં આવી છે: કોઈ એક્સ્ટ્રા ચાર્જ નહીં: હડતાળના આ સમયગાળા દરમિયાન જો ગ્રાહકો કોઈપણ બેંકના ATMમાંથી નાણાં ઉપાડશે, તો તેમની પાસેથી કોઈપણ પ્રકારનો વધારાનો ચાર્જ કે સર્વિસ ફી વસૂલવામાં આવશે નહીં. મર્યાદાથી વધુ ટ્રાન્ઝેક્શન પર પણ રાહત: સામાન્ય દિવસોમાં મર્યાદિત ફ્રી ટ્રાન્ઝેક્શન પૂરા થયા પછી વધારાના વ્યવહારો પર જે ચાર્જ લાગતો હોય છે, તે મર્યાદા પણ આ ત્રણ દિવસો પૂરતી માફ કરી દેવામાં આવી છે. ગ્રાહકો નિશ્ચિંત થઈને પોતાની જરૂરિયાત મુજબ કેશ વિડ્રોલ કરી શકશે. જિટલ અને ઓનલાઈન સેવાઓ ચાલુ રહેશે: ભલે બેંક શાખાઓ બંધ રહે, પરંતુ ગ્રાહકો માટે UPI, Net Banking અને Mobile Banking જેવી ડિજિટલ સેવાઓ રાબેતા મુજબ કાર્યરત રહેશે, જેથી કોઈ અટવાય નહીં. બેંક યુનિયનોની હઠ અને ગ્રાહકોની હાલાકી વચ્ચે બેંકોનું રાહતભર્યું પગલું બેંક કર્મચારીઓની મુખ્ય માંગ છે કે અઠવાડિયામાં પાંચ દિવસ જ કામકાજ રાખવામાં આવે અને બે દિવસની રજા જાહેર કરવામાં આવે. આ માંગણીને લઈને અગાઉ પણ અનેકવાર ચર્ચાઓ થઈ ચૂકી છે, પરંતુ કોઈ સર્વસંમતિ ન સધાતા આખરે યુનિયનોએ હડતાળનું હથિયાર ઉગામ્યું છે. સરકારી બેંકોની આ ATM ચાર્જ મુક્તિની જાહેરાતથી સામાન્ય જનતા અને વેપારી વર્ગને મોટી રાહત મળી છે, કારણ કે તહેવારોની સિઝન પહેલાં નાણાકીય વ્યવહારો અટકવા ન જોઈએ તે બાબતને પ્રાથમિકતા આપવામાં આવી છે.

જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટચુકડી જાહેરાત
વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ
જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE
પ્રેસનોટ
સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી
સમાચાર
સમાચાર
સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા - તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ - વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર - સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન - સુંદર અને પ્રોફેશનલ લુક

# મોંગરાળમાં 5 હેક્ટર જમીન પર ઝીંગા ઉછેર

## ફાળવણીથી મંજૂરી સુધી તપાસ ક્યારે? વધુ તળાવોની ચર્ચા વચ્ચે પાકા બંધની પરમિશનનો સવાલ!



ભરૂચ, રંગુની જાકીર

આમોદ: મોંગરાળમાં ઝીંગા ઉછેર માટે 5 હેક્ટર જમીન ફાળવવામાં આવી હોવાની વિગતો દર્શાવતું બોર્ડ સામે આવતા ફાળવણી, જમીન ઉપયોગ અને જરૂરી મંજૂરીઓ અંગે સવાલો ઊભા થયા છે. બોર્ડ પર સર્વે નં. 2002, પ્લોટ નં. 2 તથા ફાળવણી સંબંધિત વિગતો દર્શાવવામાં આવી છે.

ફાળવણી રામસંગભાઈ મેલાભાઈ રાઠોડના નામે દર્શાવવામાં આવી હોય તો ફાળવણીની શરતો મુજબ જમીનનો ઉપયોગ કોણ કરી રહ્યું છે અને જમીન ભાડે આપવામાં આવી છે કે નહીં, તે પણ તપાસનો મહત્વનો મુદ્દો બન્યો છે.

સર્વે નં. 2002નું કુલ ક્ષેત્રફળ કેટલું છે?

ઝીંગા ઉછેર માટે ખરેખર કેટલો વિસ્તાર ફાળવાયો છે?

ફાળવણી હુકમમાં જમીન ઉપયોગ અને બાંધકામ અંગે કઈ શરતો છે?

ફાળવેલા વિસ્તાર કરતાં વધુ જમીન પર તળાવો બનાવાયા છે કે નહીં?

વધુ તળાવો હોવાની ચર્ચા વચ્ચે સત્તાવાર સ્થળ માપણી શું કહે છે?

પાકા બંધ/બાંધકામ માટે સક્ષમ તંત્રની મંજૂરી લેવામાં આવી છે કે નહીં?

મંજૂરી ન હોય તો બાંધકામ અંગે નિયમસર કાર્યવાહી કરવામાં આવી છે કે નહીં? રેવન્યુ રેકોર્ડ અને સ્થળ પરની વાસ્તવિક સ્થિતિમાં કોઈ તફાવત છે કે નહીં?

જરૂરી એક્વાકલ્ચર તથા પર્યાવરણીય મંજૂરીઓ મેળવાઈ છે કે નહીં?

GPCB દ્વારા સ્થળ તપાસ તથા પાણી-માટીના નમૂના લેવામાં આવ્યા છે કે નહીં?

બોર્ડ પર દર્શાવાતી વિગતો અને સરકારી રેકોર્ડમાં શું હકીકત છે? ફાળવણી હુકમ, રેવન્યુ રેકોર્ડ, સત્તાવાર સ્થળ માપણી અને જરૂરી મંજૂરીઓની ચકાસણી થાય તો જ મોંગરાળમાં વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ થઈ શકે. હવે કલેક્ટર, રેવન્યુ તંત્ર અને સંબંધિત વિભાગો સ્થળ તપાસ અને દસ્તાવેજોની ચકાસણી ક્યારે કરશે? ફાળવેલી જમીન, ઉપયોગ, ભાડે આપવાની શરતો, તળાવોની સંખ્યા અને પાકા બાંધકામ–તમામ મુદ્દે સત્તાવાર તપાસ જરૂરી બની છે.

### વડોદરાના ગોરવા પોલીસની મોટી કામગીરી

## CDM મશીનમાં રૂપિયા જમા કરાવવા આવતા ભોળા નાગરિકો સાથે ઠગાઈ કરતો કુખ્યાત સાહિલ શેખ ઝડપાયો!

વડોદરા

વડોદરા શહેરમાં ગુનેગારો અને છેતરપિંડી આચરતા તત્વો સામે ગોરવા પોલીસ સ્ટેશન દ્વારા અત્યંત સજાગતા અને દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવી છે. શહેરમાં કેશ ડિપોઝિટ મશીન (CDM) ની આસપાસ સક્રિય રહીને બેંકમાં નાણાં જમા કરાવવા આવતા સિધા-સાધા અને અજાણ્યા માણસોને પોતાની છેતરપિંડીનો શિકાર બનાવતા એક ઠગ ઈસમને પોલીસે ઝડપી પાડ્યો છે. આ સફળ કાર્યવાહીથી ગોરવા પોલીસે



એક અનડિટેક્ટ (અણઉકેલાયેલો) ગંભીર ગુનો સફળતાપૂર્વક ડિટેક્ટ કરી લીધો છે. પકડાયેલા આરોપીની મોડસ ઓપરેન્ડી (કાર્યપદ્ધતિ) અત્યંત ચાલાક હતી. સીડીએમ (CDM) મશીન પાસે ઊભા રહીને રોકડા રૂપિયા જમા કરાવવા આવતા નાગરિકો પાસેથી આ શખ્સ રોકડા રૂપિયા લઈ લેતો હતો.

ત્યારબાદ, સામેવાળાના ખાતામાં ઓનલાઈન પૈસા ટ્રાન્સફર કરી દીધા હોવાનો ખોટો અને બનાવટી સ્ક્રીનશોટ (Fake Screenshot) મોબાઈલમાં બતાવીને લોકો સાથે વિશ્વાસઘાત કરી લાખોની ઠગાઈ આચરતો હતો. સામાન્ય નાગરિકો તેની આ ચાલને પારખી ન શકતા મુશ્કેલીમાં મુકાઈ જતા હતા. ઝડપાયેલ આરોપી અને જપ્ત કરાયેલ મુદ્દામાલની વિગત: પકડાયેલ આરોપીનું નામ: સાહિલ જાફરભાઇ શેખ, કબજે કરેલ કુલ મુદ્દામાલ: રોકડા રૂપીયા ૧૫,૫૦૦/- નો મુદ્દામાલ પોલીસ દ્વારા સુરક્ષિત રીતે રિકવર કરવામાં આવ્યો છે. ગોરવા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા કરવામાં આવેલી આ સરાહનીય કામગીરીથી ગુનેગારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસે આ મામલે વધુ ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે કે આ શખ્સે અગાઉ કેટલા લોકોને આ પ્રકારે પોતાની છેતરપિંડીનો શિકાર બનાવ્યા છે.

## શિક્ષણની અલખ જગાવતી સેવાભાવનાને મળ્યું ગૌરવ : ભચાઉના C.R.C. કો-ઓર્ડિનેટર કુલદિપસિંહ જાડેજાનું સન્માન

કચ્છ, રૂપેશ સોલંકી

ભચાઉ : ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ તથા સમગ્ર શિક્ષા અભિયાન (કચ્છ) દ્વારા આયોજિત 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત 'બેક ટુ સ્કૂલ અભિયાન ફેઝ-૨'માં ઉત્કૃષ્ટ કામગીરી બદલ ભચાઉના સી.આર.સી. કો-ઓર્ડિનેટર શ્રી કુલદિપસિંહ જાડેજાનું ગૌરવપૂર્ણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કચ્છના જિલ્લા શિક્ષણાધિકારી શ્રી સંજય પરમારના હસ્તે શ્રી કુલદિપસિંહ જાડેજાને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. શિક્ષણથી વંચિત રહી ગયેલા અને શાળા બહાર રહેલા બાળકોને પુનઃ શિક્ષણની મુખ્યધારામાં જોડવા તેમજ ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓને ફરી શાળાએ લાવવા માટે તેમણે કરેલી કામગીરી નોંધપાત્ર રહી છે.

સાથે જ વાલીઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવવા, બાળકોના શિક્ષણના મહત્વને સમજાવવા તથા છેવાડાના વિસ્તારો સુધી શિક્ષણની પહોંચ સુનિશ્ચિત કરવા માટે તેમની સેવાભાવી કામગીરીએ શિક્ષણક્ષેત્રે સકારાત્મક સંદેશો પ્રસરાવ્યો છે.

બાળક ફરી શાળાએ આવે અને તેનું ભવિષ્ય શિક્ષણથી ઉજ્જવળ બને–આ વિચારને સાકાર કરવાની દિશામાં કરાયેલી આવી નિષ્ઠાપૂર્વકની કામગીરી સમાજ માટે ખરેખર પ્રેરણારૂપ બની રહે છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ શ્રી કુલદિપસિંહ જાડેજાને હાર્દિક અભિનંદન તથા ભવિષ્યમાં પણ શિક્ષણક્ષેત્રે વધુ સેવાકીય યોગદાન માટે હાર્દિક શુભકામનાઓ.



### તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જુએ છે કે શું?

## છોટાઉદેપુર-પાવીજેતપુર-બોડેલી NH-56 માર્ગ પર જોખમી ઝાડી-ઝાંખરાં

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુરથી પાવીજેતપુર અને બોડેલી તરફ જતા નેશનલ હાઈવે 56 પર માર્ગની બંને બાજુએ અનિયંત્રિત રીતે ઉગી નીકળેલા વૃક્ષો અને ઘેરાયેલા ઝાડી-ઝાંખરાં વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યા છે. રસ્તાની છેક ધાર સુધી આવી ગયેલી ઝાડીઓને કારણે વળાંકો પર સામેથી આવતા વાહનો દેખાતા નથી, જેના કારણે રોજેરોજ ગંભીર અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.



હજારો વાહનોની અવરજવર ધરાવતા આ મુખ્ય હાઈવે પર માર્ગ અને મકાન વિભાગ (R&B) તથા હાઈવે ઓથોરિટીની ઘોર બેદરકારી અને આંખ આડા કાન કરવાની નીતિ સ્પષ્ટપણે છતી થાય છે. રસ્તાનો શોલ્ડર ભાગ સાવ ઢંકાઈ જતાં સામેથી આવતા ભારે વાહનને સાઈડ આપવા જતાં વાહન પલટી જવાનો કે અથડાવાનો ભય સતત રહે છે.

તંત્રને સીધો સવાલ અને ચીમકી: શું તંત્ર કોઈ માસૂમ વ્યક્તિનો જીવ જાય કે કોઈ મોટો ગોઝારો અકસ્માત બને તેની રાહ જોઈને બેઠું છે? માર્ગ અને મકાન વિભાગ દ્વારા કોઈપણ જાતના વિલંબ વિના, યુદ્ધના ધોરણે આ જોખમી ઝાડી-ઝાંખરાં અને ડાળીઓનું તાત્કાલિક કટિંગ કરવામાં આવે. જો સમયસર આ જોખમ દૂર કરવામાં નહીં આવે અને કોઈ અકસ્માત સર્જાશે, તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત અધિકારીઓની રહેશે.

### તેજગઢ રેલવે ગરનાળા પાસે રોડ પર સળિયા બહાર આવ્યા

## બે થી દોઢ ફૂટના મોટા ખાડા પડતાં વાહનચાલકો પર અકસ્માતનું જોખમ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર તાલુકાના તેજગઢ પાસે આવેલા રેલવે ગરનાળાના આર.સી.સી. માર્ગ પરથી પસાર થવું હવે વાહનચાલકો માટે જોખમી બની ગયું છે. તેજગઢથી ઝોઝ, અછાલા અને ભીલપુર તરફ જતા મુખ્ય રેલવે ગરનાળાના રસ્તા પર લોખંડના મસ્ત મોટા સળિયા બહાર નીકળી આવ્યા છે, જેને કારણે કોઈ મોટી અકસ્માતની ઘટના સર્જાય તેવો ભય સેવાઈ રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ માર્ગ પરથી દરરોજ ૪ થી ૫ ગામોના હજારો નાગરિકો અને વાહનચાલકો અવરજવર કરે છે. ગરનાળા પાસે રોડ પર બે થી દોઢ ફૂટ જેટલા મોટા અને ઊંડા ખાડા પડી ગયા છે. આ ખાડાઓ અને બહાર નીકળેલા સળિયાઓને



કારણે દ્વિચક્રી તેમજ ચારચક્રી વાહનોના ટાયર ફાટી જવા અથવા વાહનચાલકનું સંતુલન બગડવાથી અકસ્માત થવાની પૂરેપૂરી શક્યતા છે.

અંધારાના સમયે કે ચોમાસાની ઋતુમાં આ રસ્તા પરથી પસાર થવું ખાસ કરીને બાઈકચાલકો માટે જીવના જોખમ સમાન બની ગયું છે. સ્થાનિક પ્રજામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોઈ રહ્યું છે?

૪ થી ૫ ગામોને જોડતા આ મહત્વપૂર્ણ માર્ગની દુર્દશા અંગે સ્થાનિક રહીશો અને વાહનચાલકોએ વહીવટી તંત્ર તેમજ સંબંધિત વિભાગ સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. લોકોની માંગ છે કે આ ઉપસી આવેલા સળિયા દૂર કરીને ખાડાઓનું વહેલી તકે યોગ્ય સમારકામ કરવામાં આવે, જેથી કોઈનો કિંમતી જીવ જોખમમાં ન મુકાય

## ઠપકો લાગ્યો ને ઘરેથી નીકળી ગઇ 15 વર્ષની સગીરા, CCTV-ટેકનિકલ સર્વેલન્સથી સુરતમાંથી મળી

જીતાલી

જીતાલી ગામની સિલ્વર સિટી સોસાયટીમાંથી ઘરકામ બાબતે ઠપકો મળ્યા બાદ કોઈને કહ્યા વિના નીકળી ગયેલી 15 વર્ષની સગીર યુવતીને અંકલેશ્વર રૂરલ પોલીસે ગણતરીના કલાકોમાં સુરતથી શોધી કાઢી પરિવારને પરત સોંપી હતી.

મળતી માહિતી મુજબ, અરજદારની 15 વર્ષની બહેનની દીકરીને ઘરકામ બાબતે ઠપકો આપવામાં આવ્યો હતો. આ બાબત મનમાં લાગી આવતા યુવતી જીતાલીની સિલ્વર સિટી સોસાયટીમાંથી કોઈને જાણ કર્યા વિના નીકળી ગઈ હતી. યુવતી ગુમ થતાં પરિવારજનોમાં ચિંતા ફેલાઈ હતી.

બનાવની ગંભીરતા ધ્યાને લઈ



અંકલેશ્વર રૂરલ પોલીસની ટીમે જીતાલી સિલ્વર સિટી તથા આસપાસની સોસાયટીઓમાં CCTV ફૂટેજની ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. પોલીસ દ્વારા આશરે 100 જેટલા CCTV કેમેરાના ફૂટેજ ચકાસી, ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી યુવતીના હલનચલનની કડી જોડવામાં આવી હતી. પોલીસની ઝડપી અને સંકલિત કામગીરીના અંતે યુવતી સુરત ખાતેથી મળી આવી હતી.

### દેવભૂમિ દ્વારકા ના મેઘપર પડાણા પોલીસ સ્ટેશનના

## દેશી દારૂના ગુનામાં નાસતા ફરતા આરોપીને પોરબંદર LCBએ પકડી પડ્યો

### રાણાવાવ હાથી સિમેન્ટ ફેક્ટરી પાસેથી ઝડપી મેઘપર પડાણા પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરેલ

ગોસા(ઘેડ), વિરમભાઇ કે. આગઠ

પોરબંદર એલ.સી.બી. પોલીસે દેવભૂમિ દ્વારકા જિલ્લાના મેઘપર પડાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દેશી દારૂ લીટર ૭૮૦ કી. રૂ.૧,૫૬,૦૦૦ પ્રોહીબિશન ના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી લાલશાહીંથી નાસતા ફરતા આરોપીને રાણાવાવ સિમેન્ટ ફેક્ટરી પાછળ જાબુંવંતી ભોયારા તરફ જતાં રસ્તા પાસેથી ઝડપી પાડી રણાવાવ પોલીસ સ્ટેશને સોંપી આરોપી બાબતે મેઘપર પડાણા પોલીસ સ્ટેશનને જાણ કરવાની તજવીજ કરવામાં આવેલ છે.

પોલીસ ફાઈલ મુજબ, ગત તા.૧૬/૦૬/૨૦૨૫ના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લા ના મેઘપર પડાણા પોલીસ સ્ટેશનમાં ગુ ર. નં.૪૭૭/૨૦૨૫પ્રોહીબિશન અધિનિયમની કલમ ૬૫(ઈ), ૮૧ મુજબ ગુનો નોંધાયો હતો. ગુના માં સંડોવાયેલ આરોપી ત્યારથી ફરાર હતો. જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સૂચના તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓ દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના કરેલ. જે સુચના અંતર્ગત એલ.સી.બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયાની રાહબરી હેઠળ એલ.સી.બી. સ્ટાફના હેડ કોન્સ્ટેબલ હિમાંશુભાઈ મક્કા તથા પોલીસ કોન્સ્ટેબલ નટવર ભાઈ ઓડેદરા મળેલ ચોક્કસ બાતમીના આધારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના મેઘપર પડાણા પોલીસ સ્ટેશનમાં ગુ ર. નં.૧૧૨૦ ૨૦૩૮૨ ૫૦૪૭૭/૨૦૨૫ પ્રોહી બિશન અધિનિયમની કલમ ૬૫(ઈ), ૮૧ મુજબ ગુન્હાના ના કામે છેલ્લા દોઢ વર્ષથીલાલશાહી થી નાસતા ફરતા આરોપી ભોલા નાથાભાઈ ગુરગટીયા(ઉ.વ.૨૫), રહે. બરડા ડુંગર ફુવારાનેશ તા. રાણાવાવ જીલ્લો પોરબંદરવાળા ને રાણાવાવ સિમેન્ટ ફેક્ટરી પાછળ જાબુંવંતી ભોયારા તરફ જતાં રસ્તા પાસેથી ઝડપી પાડ્યો હતો. આરોપીની અટકાયત કરી રણાવાવ પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે તથા આગળની કાર્યવાહી માટે મેઘપર પડાણા પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી છે. આ કામગીરીમાં એલ.સી.બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયા, એએસઆઈ રાજેન્દ્રભાઈ જોષી, ગોવિંદભાઈ મકવાણા, મુકેશભાઈ માવદીયા, ઉદયભાઈ વરૂ, કુલદીપસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ સલીમભાઈ પઠાણ, ઉપેન્દ્રસિંહ જાડેજા, હિમાંશુભાઈ મક્કા, જીતુભાઈ દાસા, વિરેન્દ્રસિંહ પરમાર, પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા, અજય ભાઈ ચૌહાણ સહિતના કર્મચારી ઓ જોડાયા હતા.

## સાઇડ લેવાના મુદ્દે રસ્તા વચ્ચે બબાલ, બે જૂથ સામસામે; મહિલા સહિત 9 સામે ગુનો

આમલઝર

ઝઘડિયા તાલુકાના આમલઝર ગામ નજીક જાહેર રસ્તા પર વાહન સાઈડમાં લેવાની બાબતે બે જૂથ વચ્ચે મારામારી થઈ હતી. મામલો રાજપારડી પોલીસ મથક સુધી પહોંચતા બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે એક મહિલા સહિત કુલ 9 લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આમલઝર નવી વસાહતમાં રહેતા કમલેશ વસાવાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે રાત્રે તેઓ કાર લઈને ઘરે જઈ રહ્યા હતા. રસ્તા વચ્ચે ઊભેલી હાઈવા ટ્રકને સાઈડમાં લેવા કહેતાં વિવાદ થયો હતો. ફરિયાદ મુજબ મનોજ વસાવા, રણજીત વસાવા, કરશન વસાવા, અરૂણ વસાવા અને કૌશિક વસાવાએ મારામારી કરી કારના કાચ તોડી અંદાજે રૂ.10 હજારનું નુકસાન કર્યું હતું તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

બીજી તરફ હાઈવા ટ્રકના પક્ષે નોંધાવાયેલી ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે કમલેશ વસાવાએ જાહેર રસ્તા વચ્ચે કાર ઊભી રાખતા ટ્રકને અવરોધ થયો હતો. કાર હટાવવાનું કહેતાં મામલો ઉગ્ર બન્યો અને મારામારી થઈ હતી. બનાવમાં કનૈયાભાઈને અંગૂઠામાં ફ્રેક્ચર જેવી ઈજા થતાં ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા, જ્યારે કૌશિક વસાવાને પણ ઈજા થઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

## જેતપુર પાવીમાં રેતી માફિયાઓનો આતંક: પુલથી માત્ર બસ મીટરના અંતરે બેફામ ખનન

### છ જેટલા હિટાચી મશીનોથી નદી ચીરવાના ખેલ સામે તંત્રની શંકાસ્પદ ચૂપકીદી

જેતપુર પાવી

ગુજરાતમાં ખનીજ સંપત્તિને લૂંટવા માટે બેફામ બનેલા રેતી માફિયાઓએ હવે કાયદા અને સુરક્ષાની તમામ મર્યાદાઓ વટાવી દીધી છે. છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી વિસ્તારમાંથી અત્યંત ચોંકાવનારી અને હચમચાવતી ઘટના સામે આવી છે, જ્યાં પુલની અત્યંત નજીકથી બેફામ અને ગેરકાયદેસર રેતી ખનન કરવામાં આવી રહ્યું છે. એક જાગૃત નાગરિક દ્વારા આ ઘાતક ખેલનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવામાં આવ્યા બાદ સમગ્ર વિસ્તારમાં ભારે હાહાકાર મચી ગયો છે અને સ્થાનિક પ્રશાસનની મિલીભગત સામે ગંભીર સવાલો ઉભા થયા છે. ઘટનાની વિગતવાર વાત કરીએ તો જેતપુર પાવી નજીક આવેલા મહત્વના પુલથી માત્ર આશરે બસ મીટરના અંતરે જ નદીના પટમાંથી બેફામ રેતી ઉલેચવામાં આવી રહી છે. આશ્ચર્યની વાત તો એ છે કે કોઈ છૂપી રીતે નહીં, પરંતુ એકસાથે આશરે છ જેટલા વિશાળ હિટાચી મશીનો અને જેસીબી કામે લગાડીને નદીની છાતી ચીરીને રેતી કાઢવામાં આવી રહી હોવાનો દાવો વાયરલ વીડિયોમાં કરવામાં



આવ્યો છે. રેતી ખનનના તમામ કાયદાઓ અને નિયમોને સરેઆમ નેવે મૂકીને ચાલતા આ ગોરખધંધા સામે તંત્રની આંખ આડા કાન કરવાની નીતિ ભારે ચિંતાનો વિષય બની ગઈ છે. આ ગેરકાયદેસર ખનનને કારણે નદીમાં ઠેર ઠેર મોટા અને ઊંડા ખાડાઓ પડી ગયા છે, જેના કારણે નજીકમાં આવેલા પુલના પાયા અને તેની માળખાકીય સલામતી સામે જોખમ ઉભું થયું છે. સ્થાનિક રહીશોમાં ભારે ભય અને રોષ જોવા મળી રહ્યો છે કારણ કે પુલની આટલી નજીકથી રેતી કાઢવાથી ભવિષ્યમાં પુલના પાયા પોળા થઈ શકે છે અને તે ધરાશાયી થવાની ઘાતક ભીતિ સેવાઈ રહી છે. અગાઉ પણ ભારત નદી પરનો પુલ તૂટી પડવાથી પ્રજાએ મહિનાઓ સુધી ભારે હાલાકી અને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, છતાં તંત્ર કોઈ બોધપાઠ લેવા તૈયાર નથી. પાક્કો ગુજરાતના વાંચકો સમક્ષ સવાલ એ ઊભો થાય છે કે શું તંત્ર કોઈ મોટી હોનારત થાય તેની રાહ જોઈને બેઠું છે? શું રેતી માફિયાઓ સાથેની સાંઠગાંઠના કારણે જ જવાબદાર અધિકારીઓ આટલી ખુલ્લેઆમ ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે આંખ બંધ કરીને બેઠા છે?



## અભિનેત્રી ઋચા ચઢ્ઢાએ સલમાન ખાનના આ વલણની પ્રશંસા કરી હતી

# ફાતિમાએ સલમાનના વખાણ કર્યા: કહ્યું- જે રીતે ટ્રોલ્સને જડબાતોડ જવાબ આપ્યો; એ ખૂબ મોટી વાત છે

મુંબઇ

અભિનેત્રી ફાતિમા સના શેખે ઑનલાઈન ટ્રોલિંગ અને બોડી-શેમિંગ વિરુદ્ધ કડક વલણ અપનાવવા બદલ સલમાન ખાનની પ્રશંસા કરી.

'બિગ બોસ 20'ના 'વીકએન્ડ કા વાર'ના આજના એપિસોડના પ્રોમોમાં જોવા મળ્યું કે અભિનેત્રી પોતાની તાજેતરની સિરીઝ 'હુંકાર: ધ રોર'ના પ્રમોશન માટે શોમાં પહોંચશે.

આ દરમિયાન સલમાન સાથેની વાતચીતમાં ફાતિમાએ કહ્યું કે તમે જે રીતે આ વખતે ટ્રોલ્સને જડબાતોડ જવાબ આપ્યો છે, તે ખૂબ મોટી વાત છે, કારણ કે તમારી સ્થિતિમાં જો કોઈ આવું કરે અથવા કોઈ મુદ્દા પર અડગ રહે, તો લોકો પર તેની ખૂબ મોટી અસર પડે છે. જોકે, ફાતિમાની આ વાત પર સલમાને શું પ્રતિક્રિયા આપી, તે પ્રોમોમાં જોવા મળ્યું નથી. સલમાન ખાને ટ્રોલિંગ પર નારાજગી વ્યક્ત કરી હતી સલમાન ખાને ગયા અઠવાડિયે ટીવી શો 'બિગ બોસ 20'માં સોશિયલ મીડિયા ટ્રોલિંગ, બોડી-શેમિંગ અને એજ-શેમિંગ પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે સોશિયલ મીડિયા આજે ગેમિંગ, કન્ટેન્ટ ક્રિએશન અને વીડિયો એડિટિંગ જેવા ક્ષેત્રોમાં રોજગાર અને ઓળખનું માધ્યમ બની ગયું છે, પરંતુ તેનો એક નકારાત્મક પાસું ટ્રોલિંગ પણ છે. સલમાને સવાલ ઉઠાવ્યો હતો કે કોઈ અન્ય વ્યક્તિનું અપમાન કરીને પૈસા કમાવવાની જરૂર શા માટે પડે છે. તેમણે કહ્યું કે લોકો સોશિયલ મીડિયા પર કોઈના શરીર, વજન, દેખાવ, પરિવાર, ઉંમર, સ્મિત, કારકિર્દી અથવા અંગત જીવનને લઈને વાંધાજનક ટિપ્પણીઓ કરે છે. તેમણે ટ્રોલર્સને પૂછ્યું હતું કે જે વ્યક્તિને તેઓ ગાળો આપી રહ્યા છે, તે અંગત રીતે કઈ પરિસ્થિતિઓમાંથી પસાર થઈ રહી છે, એ તેઓ જાણતા નથી. સલમાને એમ પણ કહ્યું હતું કે ટ્રોલર્સે વિચારવું જોઈએ કે તેમના પોતાના પરિવારના કોઈ સભ્ય વિશે આવી ટિપ્પણી કરવામાં આવે તો તેમને કેવું લાગશે. તેમણે જણાવ્યું હતું કે તેમને પણ સોશિયલ મીડિયા પર 'ઘરડો થઈ ગયો' જેવી ટિપ્પણીઓ સાંભળવા મળે છે. સલમાને કહ્યું કે 60 વર્ષનું થવું સ્વાભાવિક છે. ત્યારબાદ તેમણે શોના મંચ પર પોતાની ટોપી, જૅકેટ અને ટી-શર્ટ ઉતારીને પોતાના એબ્સ બતાવ્યા હતા. જોકે, સલમાને કોઈનું નામ લીધું નહોતું, પરંતુ તેમની આ ટિપ્પણીને ગર્ભાવસ્થા બાદ કેટરીના કૈફની સોશિયલ મીડિયા પર થયેલી બોડી-શેમિંગ સાથે જોડીને જોવામાં આવી હતી.

**અભિનેત્રી ફાતિમા સના શેખે ઑનલાઇન ટ્રોલિંગ અને બોડી-શેમિંગ વિરુદ્ધ કડક વલણ અપનાવવા બદલ સલમાન ખાનની પ્રશંસા કરી**

# મમતા કુલકર્ણીના ડાન્સનો નવો વીડિયો વાયરલ

## નેવુંના દાયકાની સુંદર અભિનેત્રી મમતા કુલકર્ણી ફરી ચર્ચામાં આવી છે

મુંબઇ

નેવુંના દાયકાની સુંદર અભિનેત્રી મમતા કુલકર્ણી ફરી ચર્ચામાં આવી છે. હાલમાં અભિનેત્રીનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેનો જૂનો અવતાર જોવા મળી રહ્યો છે. થોડા સમય અગાઉ મમતા સ્પિરિચ્યુઅલ જર્ની માટે ચર્ચાનું કેન્દ્ર બની હતી. તે ભગવા રંગના કપડામાં જોવા મળી હતી. હવે તે એકદમ નવા મોડર્ન અવતારમાં આવી ગઈ છે. હાલમાં જ અભિનેત્રી પોતાના જ એક ગીત 'કોઈ જાએ તો લે આયે મેરી લાખ દુઆએ પાયે' પર નાચતી જોવા મળી હતી. મમતા કુલકર્ણીનો નવો વીડિયો વાયરલ. હાલમાં જ મમતા કુલકર્ણી જયપુરના 14 માં ફિલ્મ ફેસ્ટીવલમાં પહોંચી હતી. આ ઈવેન્ટ દરમિયાન અભિનેત્રી પોતાના જુના અવતારમાં જોવા મળી હતી. આ ઈવેન્ટમાં તેને લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સમ્માનિત કરવામાં આવી હતી. આ ઈવેન્ટ દરમિયાન તેની જ ફિલ્મ 'ઘાતક'નું એક ગીત 'કોઈ જાયે તો લે આયે મેરી લાખ દુઆએ પાયે', ફિલ્મ 'સબસે બડા ખિલાડી'નું ગીત 'ભોલી ભાલી લડકી', ફિલ્મ 'કરણ અર્જુન'નું ગીત 'ભાંગડા પા લે' પરત ડાન્સ કરતા જોવા મળી હતી. મમતાએ આ ઈવેન્ટના વીડિયો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કર્યા છે. અમુક યુઝર્સે એક્ટ્રેસના વખાણ કરતા લખ્યું કે 54 વર્ષની ઉંમરમાં પણ મમતા આજની એક્ટ્રેસને ટક્કર આપે છે. અન્ય એક યુઝરે લખ્યું, 'આ તો સન્યાસી બની ગઈ હતી ને?', બીજાએ લખ્યું હતું કે કાશ તે ફિલ્મમાં ફરી આવી જાય.' મમતાની અનેક સોશિયલ મીડિયા પોસ્ટ પર યુઝર્સે ચોંકાવનારી પ્રતિક્રિયાઓ આપી હતી. વર્ષ 2025માં કુંભ મેળા દરમિયાન મમતા કુલકર્ણી સન્યાસી બની ગઈ હતી. તેણે પોતાનું પિંડદાન કરી નામ બદલીને યમાઈ મમતા નંદ ગિરી કરી લીધું હતું.



# 'રામાયણ'ના નવા પોસ્ટર્સ રિલીઝ, રામ-સીતા અને લક્ષ્મણના લુકે જીત્યું

## રામાયણ'માં રણબીર કપૂર રામના પાત્રમાં જોવા મળશે, સાઉથના સુપર સ્ટાર યશ પણ દેખાશે

મુંબઇ

રણબીર કપૂરની અપકમિંગ ફિલ્મ 'રામાયણ' રિલીઝ પહેલાં જ ચર્ચામાં છે. આ ફિલ્મની લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે. 'રામાયણ' ફિલ્મ બોક્સ ઓફિસ પર તગણી કમાણી કરશે તેવું ચાહકો માની રહ્યું છે. આ ફિલ્મના ટ્રેલરને પણ દર્શકોનો સારો પ્રતિસાદ મળ્યો છે. તેવામાં હવે મેકર્સે ફિલ્મના પાત્રોના નવા પોસ્ટર્સ રિલીઝ કર્યા છે. જેમાં રણબીર કપૂર, સાઈ પલ્લવી, રવિ દુબે અને યશનો શાનદાર લુક જોવા મળી રહ્યો છે. પોસ્ટર્સ સોશિયલ મીડિયા પર રિલીઝ થતાં જ વાયરલ થઈ ગયા છે અને ફેન્સની ઉત્સુકતા પણ વધી ગઈ છે. મેકર્સે રણબીર કપૂર, સાઈ પલ્લવી અને રવિ દુબેના લુકને એક જ પોસ્ટરમાં રજૂ કર્યા છે. રણબીર કપૂર રામના પાત્રમાં જોવા મળી રહ્યા છે. તેમની એક તરફ માતા સીતાના પાત્રમાં સાઈ પલ્લવી, જ્યારે બીજી તરફ લક્ષ્મણના પાત્રમાં રવિ દુબે નજરે પડે છે. પોસ્ટરની પાછળ જંગલનું બેકગ્રાઉન્ડ જોવા મળે છે અને ત્રણેય કલાકારો વનવાસના વસ્ત્રોમાં જોવા મળી રહ્યા છે. આ પોસ્ટરના કેપ્શનમાં મેકર્સે 'Together always, in Dharma' લખ્યું છે. બીજા પોસ્ટરમાં સુપરસ્ટાર યશ રાવણના પાત્રમાં જોવા મળી રહ્યો છે. પોસ્ટરના બેકગ્રાઉન્ડમાં સોનાની લંકાની ઝલક પણ જોવા મળે છે. યશનો રાવણ લુક સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે. રણબીર કપૂર, સાઈ પલ્લવી અને રવિ દુબેના પોસ્ટર બાદ યશનું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે. યશના પોસ્ટરના કેપ્શનમાં 'ત્રણેય લોકનો શાસક, રાવણ.' (The ruler of all 3 worlds, Ravana.) લખવામાં આવ્યું છે. 'રામાયણ'માં રણબીર કપૂર રામના પાત્રમાં જોવા મળશે. તેમની સાથે સાઈ પલ્લવી, યશ, રવિ દુબે, વિવેક ઓબેરોય, રકુલ પ્રીત સિંહ, કાજલ અગ્રવાલ, લારા દત્તા, કુણાલ કપૂર, ઈંદિરા કૃષ્ણન અને શીબા ચઢ્ઢા સહિતના કલાકારો મહત્વની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મની રિલીઝની વાત કરીએ તો 'રામાયણ' આ વર્ષે દિવાળીના અવસર પર સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. ફિલ્મનો બીજો ભાગ આગામી વર્ષે દિવાળીના અવસર પર રિલીઝ કરવામાં આવશે.






# ભીડમાં પત્ની આલિયા ભટ્ટની સંભાળ રાખતા જોવા મળ્યો રણબીર કપૂર

## દર્શકો જે ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે એવી ફિલ્મ 'લવ એન્ડ વોર'ની ટીમ હાલમાં જ મુંબઈમાં ડિનર માટે મળી હતી

મુંબઇ

રણબીર કપૂર અને આલિયા ભટ્ટનો એક નવો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં રણબીર ભીડ વચ્ચે પત્ની આલિયાની કાળજી રાખતા નજરે પડ્યા હતા. દર્શકો જે ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે એવી ફિલ્મ 'લવ એન્ડ વોર'ની ટીમ હાલમાં જ મુંબઈમાં ડિનર માટે મળી હતી. આલિયા ભટ્ટ, રણબીર કપૂર, વિક્કી કૌશલ અને ડાયરેક્ટર સંજય લીલા ભણસાલી એકસાથે સ્પોટ થયા હતા.

ઘરે જતા પહેલા રેસ્ટોરાં બહાર આ સ્ટાર્સ પેપ્સ માટે પોઝ આપતા જોવા મળ્યા હતા. એ જ સમયે એક ખાસ વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં આલિયા ભટ્ટ અને રણબીર કપૂરનું સુંદર બોન્ડિંગ જોવા મળ્યું હતું, જેના અંગે લોકોએ પણ પ્રતિક્રિયા આપી હતી. જો કે જયારે કપલ પોતાની કાર તરફ જઈ રહ્યું હતું ત્યારે રણબીરનો પત્ની આલિયા માટે પ્રોટેક્ટિવ અંદાજ જોવા મળ્યો હતો. જેણે સૌ કોઇનું ધ્યાન ખેંચ્યું હતું. આલિયા અને રણબીર આ વીડિયોમાં ભરપૂર પ્રેમ લૂંટાવી રહ્યા હતા. આ મુલાકાત દરમિયાન આલિયા પીળા રંગના સ્કર્ટ અને મેચિંગ સૂટ સેટમાં અત્યંત સુંદર લાગી રહી હતી. આ લૂકને પૂર્ણ કરવા માટે અભિનેત્રીએ વાળમાં નીટ બન બનાવેલો હતો. વિક્કીને વિદાય આપ્યા બાદ આલિયા ભટ્ટ પતિ રણબીર સાથે પેપ્સની ભીડ વચ્ચે કાર તરફ વધવા લાગી હતી ત્યારે રણબીરે ભીડ વચ્ચે આલિયાની કમર પકડીને રોમેન્ટિક અંદાજમાં રેસ્ટોરા બહારની ભીડથી સુરક્ષિત કારમાં બેસતા જોવા મળ્યા હતા. જયારે આ કપલ પોતાની કાર તરફ જઈ રહ્યું હતું ત્યારે આલિયાને પ્રોટેક્ટ કરવા માટે રણબીરે આલિયાની કમર પર મજબૂતાઈથી હાથ રાખેલો હતો અને તે સુરક્ષિત રહે તેનું સંપૂર્ણપણે ધ્યાન રાખ્યું હતું. તેનો આ કેરિંગ અંદાજ દરેક ચાહકોને પસંદ આવી રહ્યો છે. આ પળે આલિયા શરમાતી દેખાય હતી.

# આલિયા ભટ્ટ-વિકી કૌશલે સાથે રેમ્પ વોક કર્યું: મનીષ મલ્હોત્રાના શોમાં શોસ્ટોપર બન્યા

મુંબઇ

ફેશન ડિઝાઈનર મનીષ મલ્હોત્રાના મિઝવાન શોમાં આલિયા ભટ્ટ અને વિકી કૌશલ શોસ્ટોપર બન્યા. આ શો શનિવારે મુંબઈમાં યોજાયો હતો.

મનીષ મલ્હોત્રાએ પોતાનું નવું મિઝવાન કલેક્શન રજૂ કર્યું. આ કલેક્શન મિઝવાન વેલફેર સોસાયટી સાથેના 15 વર્ષના જોડાણને સમર્પિત છે. કલેક્શનમાં આઈવરી, ઘેરા લીલા, કોરલ અને ઓમ્બ્રે રંગોમાં ચિકનકારી અને દોરાની ભરતકામ રજૂ કરવામાં આવી હતી. આલિયા ભટ્ટે રિયા કપૂરની સ્ટાઈલિંગમાં સંપૂર્ણ કસ્ટમ ચિકનકારી કોટર લુક પહેર્યો હતો. તે આઈવરી રંગના બ્રાઈડલ ડ્રેસમાં જોવા મળી હતી. તેમના આઉટફિટમાં શાનદાર સાડી, જ્વેલરી અને ઘૂંઘટનો સમાવેશ થતો હતો. આલિયાની સાડીનો પાલવ ખભા પર ડ્રેપ કરવામાં આવ્યો હતો. તેનાથી તેમનો સ્ટાઈલિશ મોર્ડન બ્લાઉઝ અને સાડીની ઝીણી કારીગરી જોવા મળી. બેન્ડો સ્ટાઈલના બ્લાઉઝ પર ઝીણું એપ્લિક વર્ક હતું. તેમાં સ્પેગેટી સ્ટ્રેપ્સ, સ્ક્વેર નેકલાઈન, ક્રોપ્ડ હેમ અને ફિટેડ સિલુએટ હતું. રિયા કપૂરે સાડી સાથે મેચિંગ પારદર્શક ઘૂંઘટ સ્ટાઈલ કર્યો હતો. તેમાં પણ સ્કેલોપ્ડ બોર્ડર, ચિકનકારી અને સિક્વિનનું કામ હતું. ઘૂંઘટની લંબાઈ ફર્શ સુધી હતી. આલિયાએ તેની સાથે વ્હાઈટ ગોલ્ડમાં હીરા અને મોતીનો મોટો નેકલેસ પહેર્યો હતો. તેમણે બંને હાથમાં હીરા જડેલા હાથફૂલ, સ્ટેટમેન્ટ ઈયરરિંગ્સ અને માંગટીકો પણ પહેર્યો હતો. આલિયાએ વચ્ચેની પાંથી સાથે સ્લીક બન બનાવ્યો હતો. તેમના મેકઅપમાં ડ્યૂઈ બેઝ, ગ્લોસી પિંક લિપ્સ અને સ્મોકી આઈઝ સામેલ હતાં. વિકીનો આઈવરી અને મિડનાઈટ બ્લૂ લુક વિકી કૌશલે મનીષ મલ્હોત્રાના મિઝવાન કલેક્શનનો મિડનાઈટ બ્લૂ અને આઈવરી શેરવાની સેટ પહેર્યો હતો.



## નિર્ણય માત્ર ચીફ સિલેક્ટરનો નથી હોતો, પણ નિશાન તેઓ જ બને છે

# સારા નિર્ણયો ભૂલાવી દેવાશે, એક ભૂલ હંમેશા યાદ રહેશે: ગાવસ્કર

મુંબઈ

ભારતીય ક્રિકેટમાં ટૂંક સમયમાં મોટો વહીવટી બદલાવ જોવા મળી શકે છે. મેન્સ ટીમના ચીફ સિલેક્ટર અજીત અગરકરનો કાર્યકાળ સમાપ્ત થવાની નજીક છે અને BCCI તેમના અનુગામીની શોધમાં લાગેલું છે. પસંદગી પ્રક્રિયાને બોર્ડ તરફથી મંજૂરી મળી ચૂકી છે અને ટૂંક સમયમાં નવા ચીફ સિલેક્ટરના નામની સત્તાવાર જાહેરાત થવાની શક્યતા છે. આ સ્થિતિ વચ્ચે ભારતીય ટીમના ભૂતપૂર્વ કેપ્ટન અને મહાન બેટ્સમેન સુનીલ ગાવસ્કરે આ જવાબદારી સંભાળનાર આગામી વ્યક્તિને અગાઉથી જ ચેતવી દીધા છે. સુનીલ ગાવસ્કરે જણાવ્યું કે ચીફ સિલેક્ટરનું પદ જેટલું મોભાવાળું છે, તેટલું જ વધુ પડકારજનક અને કાંટાળો તાજ



સમાન છે. પસંદગીકારોએ સતત ખેલાડીઓની પસંદગી, તેમને ટીમમાંથી બહાર રાખવા અને ઉપલબ્ધ સ્થાનો વચ્ચે સંતુલન જાળવવું પડે છે. આવા કડક નિર્ણયોને કારણે ઘણીવાર સિલેક્શન કમિટીના વડાએ ખેલાડીઓ અને ચાહકોની નારાજગી તથા આક્રોશનો સામનો કરવો પડે છે. ગાવસ્કરે આ વિશે કહે છે કે આ પદ પર બેસનાર વ્યક્તિની પીઠ પર હંમેશાં એક 'ટાર્ગેટ' રહેલું હોય છે. તેમણે ઉદાહરણ આપતાં સમજાવ્યું:

અમ્પાયરિંગ, વિકેટકીપિંગ અને કોમેન્ટ્રીની જેમ જ સિલેક્શન કમિટીના ચેરમેનના કિસ્સામાં પણ સારા કાર્યોની અવગણના થાય છે. સિલેક્ટરે લીધેલા અગણિત સાચા અને ઉત્તમ નિર્ણયોને લોકો ખૂબ જ ઝડપથી ભૂલી જાય છે, પરંતુ એક કથિત નાની ભૂલને પણ વારંવાર ઉછાળીને મોટી બનાવી દેવામાં આવે છે. ગાવસ્કરે પસંદગી સમિતિની અંદર નિર્ણય લેવાની પ્રક્રિયા અંગે મોટો ખુલાસો કરતાં લખ્યું કે ઘણીવાર કોઈ નિર્ણય માત્ર ચેરમેનનો એકલાનો હોતો નથી. સમિતિના અન્ય પસંદગીકારો પણ તેમાં સમાન ભાગીદાર હોય છે.

## ગુજરાતના દિગ્ગજ ઓલરાઉન્ડર પર બેટિંગ કોચ ફિદા

મુંબઈ

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની વનડે શ્રેણી શરૂ થવા પૂર્વે ટીમ ઈન્ડિયાના બેટિંગ કોચ સિતાંશુ કોટકે સ્ટાર ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાની ક્ષમતા અને યોગદાનના મુક્ત મને વખાણ કર્યા છે.

જાન્યુઆરી મહિના પછી ટીમમાં વાપસી કરી રહેલા જાડેજાને તેમણે ICC વનડે વર્લ્ડ કપ 2027ના ભાવિ રોડમેપનો અત્યંત મહત્ત્વનો ભાગ ગણાવ્યો છે. સિતાંશુ કોટકે ભારપૂર્વક જણાવ્યું કે જાડેજા પાસે રહેલો બહોળો આંતરરાષ્ટ્રીય અનુભવ ટીમ માટે અનમોલ છે, કારણ કે અનુભવ એવી બાબત છે જેને કોઈ હરાવી શકતું નથી. રોહિત અને વિરાટ સાથે વર્લ્ડ કપ પ્લાનિંગનો મહત્ત્વપૂર્ણ સ્તંભ કોચના જણાવ્યા અનુસાર, રોહિત શર્મા અને વિરાટ કોહલીની જેમ જ રવીન્દ્ર જાડેજા પણ વનડે ફોર્મેટ માટે ટીમ મેનેજમેન્ટની આગામી વૈશ્વિક યોજનાઓમાં કેન્દ્રસ્થાને છે. વનડે ક્રિકેટમાં જાડેજાનું ત્રિપાંખીય યોગદાન (બેટિંગ, બોલિંગ અને ચપળ ફિલ્ડિંગ) ટીમનું સંતુલન જાળવી રાખવા માટે અનિવાર્ય છે. તેઓ 20થી 25 ખેલાડીઓના તે મુખ્ય પૂલનો હિસ્સો છે, જેમને ભવિષ્યની મોટી ICC ઈવેન્ટ્સ અને વર્લ્ડ કપ 2027ની તૈયારીઓ માટે ધ્યાનમાં રાખવામાં આવી રહ્યા છે. કોચે સ્પષ્ટ કર્યું કે લાંબા અંતરાલ બાદ પણ મેદાન પર ઉતરતી વખતે જાડેજા જે આત્મવિશ્વાસ, ફિટનેસ અને રમત પરની પકડ દર્શાવે છે તે અદભુત છે.

### 'મારા મગજમાં ક્યારેય એ વિચાર નહીં આવે કે મારું કામ પૂરું થઇ ગયું'

## 'હજુ મારું કામ પૂરું થયું નથી...', 2027 ના વર્લ્ડ કપ અગાઉ રોહિત શર્માનું મોટું નિવેદન

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના દિગ્ગજ ખેલાડી રોહિત શર્માએ 2027ના ICC વનડે વર્લ્ડ કપ અંગે મોટો સંકેત આપ્યો છે. ટેસ્ટ અને T20માંથી નિવૃત્ત થયેલા રોહિતે જણાવ્યું કે તેમની ક્રિકેટ સફર હજી પૂરી નથી થઈ. 2023માં અધૂરું રહેલું વર્લ્ડ કપ જીતવાનું સપનું તેઓ 2027માં સાઉથ આફ્રિકામાં પૂરું કરવા આતુર છે. 'રો-કો'ની જોડી ફરી ધમાલ મચાવશે. ભારતીય ક્રિકેટ ટીમના દિગ્ગજ બેટ્સમેન રોહિત શર્માએ 2027ના આઈસીસી વનડે વર્લ્ડ કપ અંગે પોતાના ભવિષ્યને લઈને મહત્ત્વનો અને મોટો સંકેત




આપ્યો છે. ટેસ્ટ અને T20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી પહેલેથી જ નિવૃત્તિ લઈ ચૂકેલા રોહિત હાલ માત્ર વનડે ક્રિકેટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની વનડે શ્રેણી શરૂ થવા પૂર્વે તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેમના માટે ક્રિકેટની સફર હજી સમાપ્ત થઈ નથી અને ઘણું બધું હાંસલ કરવાનું બાકી છે. રોહિતે એમ પણ ઉમેર્યું કે આઈસીસી ટુર્નામેન્ટ્સ સામાન્ય દ્વિપક્ષીય શ્રેણીઓ કરતાં તદ્દન અલગ પ્રકારના પડકારો લઈને આવે છે. અલગ-અલગ મજબૂત હરીફ ટીમો સામે અને જુદી જુદી પરિસ્થિતિઓમાં રમવા માટે ખાસ તૈયારી તેમજ વિચારસરણીમાં મોટો બદલાવ લાવવો જરૂરી બને છે. 2023માં અધૂરું રહેલું સપનું 2027માં પૂરું કરવાનો લક્ષ્યાંક રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળ ભારતીય ટીમ 2023ના વનડે વર્લ્ડ કપની ફાઈનલ સુધી અજેય રહીને પહોંચી હતી, પરંતુ અમદાવાદ ખાતે ઓસ્ટ્રેલિયા સામે હાર થતાં ટ્રોફી જીતવાનું સપનું તૂટી ગયું હતું.

# ચેસ ઓલિમ્પિયાડમાં ગોલ્ડની રેસમાં ભારત

## ઉઝબેકિસ્તાન-2ને 3.5-0.5થી હરાવ્યું; આખરી રાઉન્ડમાં હંગેરી સામે મુકાબલો

મુંબઈ

ઉઝબેકિસ્તાનમાં ચાલી રહેલા 46મા ચેસ ઓલિમ્પિયાડના 10મા રાઉન્ડમાં ભારતીય પુરુષ ટીમે ઉઝબેકિસ્તાન-2ને 3.5-0.5થી હરાવ્યું. આ જીત સાથે ભારત પોઈન્ટ્સ ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગયું. હવે ટુર્નામેન્ટમાં એક રાઉન્ડ બાકી છે. ભારતના 17 પોઈન્ટ્સ છે, જ્યારે ઉઝબેકિસ્તાન 18 પોઈન્ટ્સ સાથે ટોચ પર છે. છેલ્લા રાઉન્ડમાં ભારતનો સામનો હંગેરી સામે થશે, જ્યારે ઉઝબેકિસ્તાનની ટીમ યુક્રેન સામે રમશે. ભારત માટે વર્લ્ડ ચેમ્પિયન ડી. ગુકેશ, આર. પ્રજ્ઞાનંદ અને નિહાલ સરીને જીત નોંધાવી. અર્જુન એરિગૈસીનો મુકાબલો ડ્રો રહ્યો. આર. પ્રજ્ઞાનંદે જાખોન્ગીર વાહિદોવને હરાવ્યો. બંને વચ્ચેનો



મુકાબલો અંતિમ તબક્કા સુધી ચાલ્યો, જ્યાં બંને ખેલાડીઓ પાસે રાજા અને હાથી બાકી રહ્યા હતા. પ્રજ્ઞાનંદે શાનદાર રમત દાખવીને બાજી પોતાના નામે કરી લીધી. પ્રજ્ઞાનંદે અહીં વધુ સારું પ્રદર્શન કરીને વાહિદોવને માત આપી. અર્જુન એરિગૈસી અને અબ્દિમાલિક અબ્દિસાલિમોવ વચ્ચેનો મુકાબલો ડ્રો રહ્યો. અર્જુન પાસે સ્થિતિને પોતાના પક્ષમાં ફેરવવાની તકો હતી, પરંતુ તે જીત મેળવી શક્યો નહીં. નિહાલ સરીને મુહમ્મદજોખિદ સુયારોવને હરાવ્યો. નિહાલે શરૂઆતથી જ લીડ જાળવી રાખી. તેણે સુયારોવની ભૂલનો લાભ લીધો અને મુકાબલો પોતાના નામે કર્યો. ડી ગુકેશે ઓર્તિક નિગમાતોવને હરાવ્યો. ગુકેશે સફેદ મોહરાઓથી રમતા શરૂઆતથી જ પોતાની સ્થિતિ મજબૂત રાખી. તેણે 47 ચાલોમાં જીત નોંધાવી. આ જીત સાથે ગુકેશનો વ્યક્તિગત સ્કોર 10 મેચમાં 8.5 પોઈન્ટ્સ થઈ ગયા. પોઈન્ટ્સ ટેબલ: ઉઝબેકિસ્તાનથી એક પોઈન્ટ પાછળ ભારત 10મા રાઉન્ડ બાદ ઉઝબેકિસ્તાન 18 પોઈન્ટ્સ સાથે પ્રથમ સ્થાન પર છે. ભારત 17 પોઈન્ટ્સ સાથે બીજા સ્થાન પર છે. યુક્રેન, જર્મની અને હંગેરીના 16-16 પોઈન્ટ્સ છે. ભારત જીત્યું અને ઉઝબેકિસ્તાન હાર્યું તો ગોલ્ડ છેલ્લા રાઉન્ડમાં ભારતે હંગેરી સામે અને ઉઝબેકિસ્તાને યુક્રેન સામે રમવાનું છે. જો ભારત હંગેરીને હરાવે અને ઉઝબેકિસ્તાન યુક્રેન સામે હારી જાય, તો ભારત 19 પોઈન્ટ્સ સાથે ટોચ પર પહોંચી ગોલ્ડ મેડલ જીતશે. જો ભારત જીતે અને ઉઝબેકિસ્તાનની મેચ ડ્રો રહે, તો બંને ટીમ 19-19 પોઈન્ટ્સ પર હશે. આવી સ્થિતિમાં મેડલનો નિર્ણય ટાઈ-બ્રેકથી થશે. મહિલા વિભાગના 10મા રાઉન્ડમાં ભારત અને ચીન વચ્ચેનો મુકાબલો 2-2થી ડ્રો રહ્યો. બંને ટીમ વચ્ચેની મેચ ઉતાર-ચઢાવભરી રહી. ભારતની વંતિકા અગ્રવાલ અને ચીનની લૂ મિયાઓઈ વચ્ચેનો મુકાબલો લાંબા સમય સુધી બરાબરીનો રહ્યો.



## SRIT ઈન્ડિયાનો ₹218 કરોડનો ઈશ્યૂ સૌથી મોટો

# આ અઠવાડિયે 4 કંપનીઓના IPO ખુલશે

મુંબઈ

આ અઠવાડિયે શેરબજારમાં 4 મેઈનબોર્ડ IPO ખુલશે. તેમાં SRIT ઈન્ડિયા, વિશાલ નિર્મિતિ, નિત્યાસ જેમ્સ એન્ડ જ્વેલરી અને શાહ ઈન્વેસ્ટર્સ હોમનો સમાવેશ થાય છે. આ ચારેય કંપનીઓ IPO દ્વારા કુલ મળીને આશરે 500 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. આ ચારેયમાં બેંગલુરુ સ્થિત IT કંપની SRIT ઈન્ડિયાનો IPO મેઈનબોર્ડ કેટેગરીમાં સૌથી મોટો ઈશ્યૂ હશે, જે 218 કરોડ રૂપિયાનો છે. રિટેલ રોકાણકારોને આ IPOમાં દાવ લગાવવા માટે ઓછામાં ઓછા 14,195 રૂપિયાથી લઈને 15,000 રૂપિયા સુધીની રકમની જરૂર પડશે. SRIT ઈન્ડિયાનો 218 કરોડનો IPO 28 સપ્ટેમ્બરથી ખુલશે SRIT ઈન્ડિયાનો




ઈશ્યૂ 28 સપ્ટેમ્બરે સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને 30 સપ્ટેમ્બરે બંધ થશે. કંપની આ IPOમાં 1.68 કરોડ નવા શેર જારી કરશે. કંપનીએ આ માટે પ્રતિ શેર 123 રૂપિયાથી 130 રૂપિયાનો પ્રાઈસ બેન્ડ નક્કી કર્યો છે. રોકાણકારોએ ઓછામાં ઓછા 115 શેરના એક લોટ માટે બોલી લગાવવી પડશે.

આ મુજબ અપર પ્રાઈસ બેન્ડ પર રિટેલ રોકાણકારોએ ઓછામાં ઓછું 14,950 રૂપિયાનું રોકાણ કરવું પડશે. SRIT ઈન્ડિયા ડિજિટલ સોલ્યુશન, કસ્ટમ એપ્લિકેશન ડેવલપમેન્ટ અને સિસ્ટમ ઈન્ટિગ્રેશન સેવાઓ પૂરી પાડે છે. કંપની મુખ્યત્વે હેલ્થકેર, ઈ-ગવર્નન્સ અને ટેલિકમ્યુનિકેશન ક્ષેત્રોમાં કામ કરે છે. સિવિલ એન્જિનિયરિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રની કંપની વિશાલ નિર્મિતિનો 178 કરોડનો IPO 30 સપ્ટેમ્બરે ખુલશે અને 5 ઑક્ટોબરે બંધ થશે. કંપનીની પ્રાઈસ બેન્ડ પ્રતિ શેર 208 રૂપિયાથી 220 રૂપિયા નક્કી કરવામાં આવી છે. આ માટે લૉટ સાઈઝ 68 શેરની છે. અપર પ્રાઈસ બેન્ડ મુજબ રિટેલ રોકાણકારોએ એક લૉટ માટે ઓછામાં ઓછા 14,960 રૂપિયા રોકાણ કરવા પડશે. કંપનીના શેર 8 ઑક્ટોબરે શેરબજારમાં લિસ્ટ થશે. કંપની રેલવે માટે પ્રી-સ્ટ્રેસ્ડ કૉન્ક્રિટ સ્લીપર્સ, પ્રી-કાસ્ટ કૉન્ક્રિટ પ્રોડક્ટ્સ અને પંપ સ્ટોરેજ પ્રોજેક્ટ્સ માટે એમએસ પાઈપ્સ બનાવે છે. આ ઉપરાંત કંપની રેલવે ઈન્ફ્રા, સિંચાઈ અને સિવિલ પ્રોજેક્ટ્સમાં EPC સેવાઓ પણ આપે છે.

## ભારત અને ઓસ્ટ્રેલિયા પણ દ્વિપક્ષીય રોકાણ સંધિઓ પૂર્ણ કરવા તરફ આગેકૂચ

# ભારત ચાર દેશો સાથે BITsને અંતિમ સ્વરૂપ આપવાની નજીક

### ભારત UK, EU, ઓમાન, કતાર, કેનેડા અને ઓસ્ટ્રેલિયા સાથે દ્વિપક્ષીય રોકાણ સંધિઓ (BITs) પૂર્ણ કરવા સક્રિય છે

મુંબઈ

ભારત ચાર દ્વિપક્ષીય રોકાણ સંધિઓ (BITs) અમલમાં મૂકવાની નજીક છે. દરેક સંધિ સુધારેલા માળખા પર આધારિત છે. ભારત યુકે, યુરોપિયન યુનિયન, ઓમાન અને કતાર સાથે દ્વિપક્ષીય રોકાણ સંધિઓ માટે વાટાઘાટો કરી રહ્યું છે, અને તાજેતરમાં કેનેડા સાથે ચર્ચા શરૂ કરી છે તેમ નાણા મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું. ભારત અને ઓસ્ટ્રેલિયા પણ દ્વિપક્ષીય રોકાણ સંધિઓ પૂર્ણ કરવા તરફ આગળ વધી રહ્યા છે.



અપડેટેડ દ્વિપક્ષીય રોકાણ સંધિઓ ફ્રેમવર્કનો ડ્રાફ્ટ કેન્દ્રીય મંત્રીમંડળ પાસે છે અને તેને ટૂંક સમયમાં મંજૂરી મળવાની અપેક્ષા છે. દ્વિપક્ષીય રોકાણ સંધિઓ મુદ્દા પર વધતી પ્રવૃત્તિ વચ્ચે, સ્ટાન્ડર્ડ ફ્રેમવર્કની સમીક્ષા એવા સમયે અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહી છે જ્યારે સતત બાહ્ય આંચકાઓ વચ્ચે ભારતમાં સીધા વિદેશી રોકાણનો પ્રવાહ ઘટયો છે. છેલ્લા ચાર વર્ષમાં ભારતમાં ચોખ્ખું એફડીઆઈ ઘટયું છે.

નાણાકીય વર્ષ૨૦૨૦ અને નાણાકીય વર્ષ ૨૦૨૨ વચ્ચે વાર્ષિક સરેરાશ આશરે ૪૦ બિલિયન ડોલરથી, નાણાકીય વર્ષ ૨૦૨૬ માં રોકાણપ્રવાહ ઘટીને ૬.૯૫ બિલિયન ડોલર થઈ ગયો હતો.

નાણામંત્રીએ તેમના નાણાકીય વર્ષ ૨૦૨૬ ના બજેટ ભાષણમાં ભારતના દ્વિપક્ષીય રોકાણ સંધિઓ માળખાની સમીક્ષાની જાહેરાત કરી હતી. વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવા અને ઈન્ડિયા ફર્સ્ટની ભાવનામાં, હાલના મૉડેલ દ્વિપક્ષીય રોકાણ સંધિઓને સુધારીને વધુ રોકાણકાર-મૈત્રીપૂર્ણ બનાવવામાં આવ્યા છે.

ભારતનું વર્તમાન દ્વિપક્ષીય રોકાણ સંધિઓ માળખું ૨૦૧૫ માં લાગુ કરવામાં આવ્યું હતું, ત્યારબાદ સરકારે નાણાકીય વર્ષ ૨૦૧૬ માં ૫૦ થી વધુ ભાગીદારો સાથે દ્વિપક્ષીય રોકાણ સંધિઓ રદ કરી હતી.એશિયન કમ્યુનિટીમાં જોડાઓ ભારત ચાર દ્વિપક્ષીય રોકાણ સંધિઓ (BITs) અમલમાં મૂકવાની નજીક છે.

દરેક સંધિ સુધારેલા માળખા પર આધારિત છે. ભારત યુકે, યુરોપિયન યુનિયન, ઓમાન અને કતાર સાથે દ્વિપક્ષીય રોકાણ સંધિઓ માટે વાટાઘાટો કરી રહ્યું છે, અને તાજેતરમાં કેનેડા સાથે ચર્ચા શરૂ કરી છે તેમ નાણા મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું.

### સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો

# અઠવાડિયામાં ચાંદી પ્રતિ કિલોએ 6500, સોનું પ્રતિ 10 ગ્રામ 3600થી વધુ સસ્તુ થયું

મુંબઈ

સોનું અને ચાંદી ખરીદવાનું કે તેમાં રોકાણ કરવાનું વિચારી રહેલા લોકો માટે છેલ્લા પાંચ કારોબારી દિવસના ભાવમાં આવેલા ફેરફાર મહત્વના છે. આ સમયગાળા દરમિયાન વાયદા બજારથી લઈને સ્થાનિક બજાર સુધી સોના અને ચાંદી બંનેના ભાવમાં ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને એમસીએક્સ પર ચાંદીના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જ્યારે સોનાના ભાવમાં પણ 10 ગ્રામ દીઠ હજારો રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર 18 સપ્ટેમ્બરે ચાંદીનો ભાવ 2,41,603 રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતો. ત્યારબાદ સપ્તાહ દરમિયાન સતત ભાવમાં ફેરફાર જોવા



મળ્યો અને શુક્રવારે ચાંદી 2,35,000 રૂપિયા પ્રતિ કિલોગ્રામના સ્તરે બંધ થઈ હતી. એટલે કે પાંચ કારોબારી દિવસમાં વાયદા બજારમાં ચાંદીનો ભાવ 6,603 રૂપિયા પ્રતિ કિલોગ્રામ ઘટ્યો છે. ચાંદીના તાજેતરના ભાવની તુલના તેના લાઈફટાઈમ હાઈ સાથે કરવામાં આવે તો મોટો તફાવત જોવા મળે છે. જાન્યુઆરીના અંતિમ સપ્તાહમાં MCX પર ચાંદી પ્રથમ વખત 4 લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામની સપાટી પાર કરી હતી અને 4,20,048 રૂપિયા પ્રતિ કિલોગ્રામનું સર્વોચ્ચ સ્તર નોંધાવ્યું હતું. હાલનો ભાવ આ રેકોર્ડ સ્તર કરતાં 1,85,048 રૂપિયા પ્રતિ કિલોગ્રામ ઓછો છે. સ્થાનિક બજારમાં પણ ચાંદીના ભાવમાં ઘટાડો સ્થાનિક બજારમાં પણ ચાંદી સસ્તી થઈ છે. ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના દર અનુસાર 18 સપ્ટેમ્બરે ચાંદી 2,36,908 રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી.

# રૂપિયામાં જોવાયેલો સુધારો ક્રુડના ઉછાળાથી ધોવાઈ ગયો

■ FCNR-B સ્કીમ હેઠળ બેંકોને $127 બિલિયન ડિપોઝિટ મળી. પ્રથમ ત્રિમાસિકમાં આર્થિક વૃદ્ધિ દર 7.80% રહ્યો અને FDI 5 વર્ષની ટોચે $7.40 બિલિયન પહોંચ્યો

મુંબઈ

ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેન્ક) (એફસીએનઆર-બી) ડિપોઝિટ સ્કીમને પરિણામે સપ્ટેમ્બરના પ્રથમ પખવાડિયામાં રૂપિયામાં ડોલર સામે જોવા મળેલો સુધારો સપ્ટેમ્બરના બીજા પખવાડિયામાં ધોવાઈ ગયો હતો. ક્રુડ તેલના ભાવમાં આવેલા ઉછાળાને કારણે રૂપિયા પર ફરી દબાણ વધ્યુ છે એમ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના બુલેટિનમાં જણાવાયું છે. જૂનમાં વહેતી કરાયેલી એફસીએનઆર-બી સ્કીમ હેઠળ દેશની બેન્કોએ ૧૨૭ અબજ ડોલરની ડિપોઝિટ પ્રાપ્ત કરી હતી. સપ્ટેમ્બરમાં રૂપિયામાં અડધા ટકાનો ઘટાડો થયો છે અને ફેબ્રુઆરીમાં પશ્ચિમ એશિયા યુદ્ધ ફાટી નીકળ્યા બાદ અત્યારસુધીમાં રૂપિયામાં પાંચ ટકા ઘટાડો થયો છે. ક્રુડ તેલના ઊંચા ભાવથી દેશનું આયાત બિલ વધી ગયું છે જેની અસર રૂપિયાના મૂલ્ય પર પડી રહી છે. ડોલરના પ્રવાહને કારણે સપ્ટેમ્બરના પ્રારંભમાં રૂપિયો સાધારણ સુધર્યો હતો પરંતુ ક્રુડ તેલ ફરી પાછુ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને પાર કરી જતા રૂપિયો નબળો પડયો છે. સદર સ્કીમને કારણે બેન્કિંગ વ્યવસ્થામાં ઓગસ્ટમાં લિક્વિડિટી વધી ગઈ હતી જો કે ટેકસ સંબંધિત આઉટફલોસ તથા રિઝર્વ બેન્ક દ્વારા લિક્વિડિટી પાછી ખેંચવાના લેવાયેલા પગલાંને પરિણામે નાણાં વ્યવસ્થામાં લિક્વિડિટી ઘટવા પામી છે.

# ગૃહમંત્રીએ અમદાવાદમાં દેશની પ્રથમ LNG ટ્રેનને લીલી ઝંડી આપી

## રૂ.1,542 કરોડના રેલ પ્રોજેક્ટ્સના ખાતમુહૂર્ત-લોકાર્પણ, કોંગ્રેસીઓએ 10 વર્ષમાં કંઈ કર્યું નથી : અમિત શાહ



અમદાવાદ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે (27 સપ્ટેમ્બર) અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશનથી રૂ.1,542 કરોડથી વધુના રેલ પ્રોજેક્ટ્સ સહિતના વિકાસ કાર્યોનો પ્રારંભ કરાવ્યો છે. તેઓએ દેશની પ્રથમ LNG (લિક્વિફાઈડ નેચરલ ગેસ)થી ચાલતી ટ્રેનને પણ લીલી ઝંડી આપી હતી. આ ટ્રેનની ખાસ વાત એ છે કે, જોકે, તેનું એન્જિન LNG અને ડીઝલ બંને પર ચાલી શકે છે. એટલે કે ફ્યુઅલની માત્રા મુજબ એન્જિન LNG અને ડીઝલ વચ્ચે સ્વિચ કરી શકે છે.

આ ઉપરાંત સાબરમતી અત્યાધુનિક WAG-12 લોકોમોટિવ મેઈન્ટેનન્સ શેડ તથા સાબરમતી-કલોલ-ભાંડુ મોટીદાઉ તથા સાબરમતી-સાણંદ-જખવાડા રેલખંડ પર ABS (એન્ટી લોક બ્રેકિંગ સિસ્ટમ) પ્રણાલીના લોકાર્પણ તેમજ અમદાવાદ મંડળના 404 કિમી લાંબા રેલખંડ (અમદાવાદથી પાલનપુર અને સામાખ્યાલી)પર 'કવચ' પ્રણાલી અને સાબરમતી-સરખેજ રેલવે લાઈનના ડબલિંગનું ખાતમુહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, ભારત માતા કી....આજના આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં મારી સાથે ઉપસ્થિત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મંત્રી દર્શનાબેન વાઘેલા, સાંસદ હસમુખભાઈ પટેલ, મેયર હિતેશ બારોટ આ તમામને મારા નમસ્કાર. અહીંથી અમુક કિલો મીટર દૂર બાપુએ આશ્રમ બનાવીને સાબરમતી આશ્રમને દેશની આઝાદીની આંદોલનનું કેન્દ્ર બનાવ્યું હતું. બાપુની ભૂમિને પ્રણામ કરીને મારી વાત શરૂ કરવા માગું છું. સાબરમતી રેલવે સ્ટેશનના બદલાયેલા સ્વરૂપ અંગે સંસ્મરણો વાગોળતા તેમણે કહ્યું કે, હું અગાઉ ઘણી વખત દિલ્હીથી આવતી વખતે સાબરમતી રેલવે સ્ટેશને ઊતર્યો છું... કોઈ માની જ ન શકે કે 80ના દાયકામાં રિક્ષા પકડવા માટે 2 કિલોમીટર ચાલીને જવું પડતું હતું, તે જ આ સાબરમતી સ્ટેશનનો કોઈ માની ન શકે તેવો કાયાકલ્પ થયો છે.

### 'એક એન્જિન 600 ટ્રક જેટલો માલસામાન ખેંચી જશે'

શક્તિશાળી લોકોમોટિવ વિશે ઉમેર્યું હતું કે એક એવું એન્જિન જે 12,000 હોર્સપાવરની ટ્વિન સેક્શન ક્ષમતા સાથે, લગભગ 600 ટ્રક જેટલો માલસામાન આ એકલું એન્જિન ખેંચી જશે. પહેલાં બે લોકોમોટિવ લગાવવા પડતા હતા, હવે એક જ WAG-12 આ કામ કરી શકે છે. એક યુવાન એન્જિનિયરે મને જણાવ્યું કે આ એન્જિનના ખર્ચનું 94% કામ ભારતમાં થયું છે, જેને અમે 3 વર્ષમાં 100% કરી દઈશું. મોદીજીના રાજમાં 97 ટકા બાયો ટોઈલેટ બન્યા.2015-16માં રેલવે 293 કરોડ લીટર ડીઝલનો ઉપયોગ કરતી હતી. આ ડીઝલ વપરાશ વર્ષ 2024-25માં ઘટીને 108 કરોડ લીટર થઈ ગયો છે, અને 2030 સુધીમાં તેને શૂન્ય કરીને આપણે ભારતનું હુંડિયામણ બચાવીશું.

---

**અમદાવાદના નરોડામાં ખાખીનો મોટો સપાટો**

## અસામાજિક પ્રવૃત્તિઓ આચરતા બે કુખ્યાત બુટલેગરો સામે 'પાસા'ની તલવાર ઉગામી!!

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ગુનેગારો અને અસામાજિક તત્વો સામે પોલીસ કમિશનરના આદેશથી ચલાવવામાં આવી રહેલી ડ્રાઈવ અંતર્ગત નરોડા પોલીસ સ્ટેશન દ્વારા એક અત્યંત સખત અને પ્રશંસનીય પગલું ભરવામાં આવ્યું છે. નરોડા વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, પ્રોહિબિશન (દારૂના ધંધા) અને અસામાજિક કાર્યો આચરતા કુખ્યાત તત્વોની હવે ખેર નથી.

પોલીસે પ્રોહિબિશનના ગુનાઓ સાથે સંકળાયેલા બે મુખ્ય આરોપીઓ સામે પ્રિવેન્શન ઓફ એન્ટી સોશિયલ એક્ટિવિટીઝ એક્ટ (PASA - પાસા) હેઠળ સકંજો કસીને બંનેને સીધા રાજકોટ મધ્યસ્થ જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી સત્તાવાર માહિતી મુજબ, પાસા હેઠળ અટકાયતમાં લેવામાં આવેલા બંને આરોપીઓ બહારના રાજ્યમાંથી આવીને અમદાવાદમાં ગુનાખોરી અને ગેરકાયદેસર દારૂની હેરાફેરીના નેટવર્ક સાથે સંકળાયેલા હતા. પ્રથમ આરોપી:



કૈલાશ જીવણરામ લામરોડ (ચૌધરી)



સુનીલ મદનલાલ સોઉ (જાટ)

કૈલાશ જીવણરામ લામારોડ (ચૌધરી), ઉંમર- ૩૪ વર્ષ, રહેવાસી- લામારોડો કા મહોલ્લા, ગામ- નાડસર, તાલુકો- ગોપાલગઢ, જિલ્લો- જોધપુર, રાજસ્થાન. બીજો આરોપી: સુનીલ મદનલાલ સોઊ (જાટ), ઉંમર- ૨૨ વર્ષ, રહેવાસી- હીરાડેસર, તાલુકો- ગોપાલગઢ, જિલ્લો- જોધપુર, રાજસ્થાન. આ બંને શખ્સો લાંબા સમયથી નરોડા વિસ્તારમાં સક્રિય રહીને કાયદાની આંખમાં ધૂળ નાખીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અંજામ આપી રહ્યા હતા. નરોડા પોલીસ સ્ટેશનના પીઆઈ અને સ્ટાફ દ્વારા લેવામાં આવેલા આ સઘન પગલાંથી વિસ્તારના બુટલેગરો અને અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## ફેસબુક પર સસ્તો મોબાઈલ જોઈ લેવા જતા 1.30 લાખ ગુમાવ્યા

અમદાવાદ

અમદાવાદમાં ફેસબુક માર્કેટપ્લેસ પરથી મોબાઈલ ખરીદવાની લાલચમાં એક વ્યક્તિએ 1.30 લાખ ગુમાવ્યા છે, જ્યારે ક્રેડિટ કાર્ડ એક્ટિવેશનના નામે મોકલેલી લિંક દ્વારા મહિલા સાથે 1.81 લાખથી વધુની ઓનલાઈન ઠગાઈ થતાં પોલીસે ગુના નોંધી તપાસ હાથ ધરી છે.

અમદાવાદના રાણીપમાં રહેતા મુકેશ પટેલે ફેસબુક માર્કેટપ્લેસ પર જયરાજ પટેલ નામના આઈડી પરથી મોબાઈલની જાહેરાત જોઈ સંપર્ક કર્યો હતો. જ્યાં અનિરૂધ્ધસિંહ નામના શખ્સે ફોન લેવા માટે શેલા ખાતેના દેવેન્દ્ર મણીઆર પાસે મોકલ્યા હતા. દેવેન્દ્રભાઈએ અનિરૂધ્ધસિંહ પોતાના મિત્ર હોવાનો વિશ્વાસ અપાવતા મુકેશભાઈએ તેમણે મોકલેલા QR કોડ પર પોતાના અને મિત્રના ખાતામાંથી કુલ 1.30 લાખ ટ્રાન્સફર કરી દીધા હતા. ત્યારબાદ અનિરૂધ્ધસિંહે ફોન બંધ કરી દીધો હતો અને ખાતામાં રૂપિયા ન આવતા દેવેન્દ્રભાઈએ મોબાઈલ આપવાની ના પાડી દેતાં રાણીપ પોલીસે ગુનો નોંધ્યો છે.

**અમદાવાદના GMDC ગ્રાઉન્ડની 23 વર્ષ જૂની પરંપરા પર ગ્રહણ**

## વાઈબ્રન્ટ નવરાત્રિની ફ્રી એન્ટ્રી બંધ થતા ગરબા રસિકોમાં ભારોભાર રોષ!

અમદાવાદ

અમદાવાદની આગવી ઓળખ અને ગુજરાતની સાંસ્કૃતિક ગરિમાનું પ્રતિક સમાન જીએમડીસી (GMDC) ગ્રાઉન્ડ પર યોજાતી વાઈબ્રન્ટ નવરાત્રિને લઈને એક અત્યંત ચોંકાવનારી અને ખરાબ ખબર સામે આવી છે. છેલ્લા ૨૩ વર્ષથી ચાલી આવતી પરંપરાને ધૂળમાં મેળવીને આ વર્ષે વાઈબ્રન્ટ નવરાત્રિમાં 'ફ્રી એન્ટ્રી' (મફત પ્રવેશ) ની સુવિધા સદંતર બંધ કરી દેવામાં આવી છે. વર્ષોથી સામાન્ય જનતા, ગરબા રસિકો અને જે પરિવારિજનો મોંઘા પાસ ખરીદી શકતા નહોતા, તેઓ ખુલ્લા મેદાનમાં માતાજીના ગરબાની રમઝટ અને મા અંબાના દર્શનનો આનંદ



લેતા હતા; પરંતુ હવે આ સદીઓ જૂની આસ્થા અને લોકઉત્સવના દરવાજા પણ સામાન્ય જનતા માટે બંધ કરી દેવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર અને પ્રવાસન નિગમ દ્વારા યોજાતા આ ભવ્ય મહોત્સવમાં જો હવે એન્ટ્રી માટે પણ મસમોટાં નાણાં ચૂકવવા પડશે, તો સામાન્ય ગરબા પ્રેમીઓ ક્યાં જશે? આ સવાલ આજે અમદાવાદના ગામેગામ અને ચોકેચોકે ચર્ચાઈ રહ્યો છે. જે મહોત્સવની શરૂઆત જ જન-જન માટે અને સંસ્કૃતિના ઉત્થાન માટે થઈ હતી, તેને હવે નફાખોરી અને લક્ઝુરિયસ ઈવેન્ટમાં ફેરવી દેવામાં આવ્યો હોવાનો ગંભીર આક્ષેપ નાગરિકો દ્વારા કરવામાં આવી રહ્યો છે.

મધ્યમ વર્ગ પર આર્થિક બોજ: મોંઘવારીના આ સમયમાં પરિવાર સાથે ગરબા જોવા જવું પણ હવે સામાન્ય માણસની પહોંચ બહાર કરી દેવામાં આવ્યું છે. પાસના ઊંચા દરના કારણે લાખો ગરબા રસિકો આ વર્ષે નિરાશ થયા છે અને તેમની ખુશી છીનવાઈ ગઈ છે. શું હવે માત્ર પૈસાવાળા જ ગરબા રમી શકશે?

**ચા પીવાના બહાને કારીગર રફુચક્કર, સાથે લઈ ગયો લાખોનું સોનું**

## કાલુપુર જ્વેલર્સમાંથી 38 ગ્રામની બંગડી અને 14 ગ્રામ સોનાનો ભુક્કો ચોરી, 7.56 લાખનું નુકસાન

અમદાવાદ

અમદાવાદના કાલુપુરમાં સંદીપ જ્વેલર્સના કારીગર વિશ્વનાથે માલિક સાથે છેતરપિંડી કરી. તેને બંગડીઓ અને સોનાનો ભુક્કો ફાઈનલ ટિનિંગ માટે આપ્યો હતો. જોકે, તે ચા પીવાના બહાને 38 ગ્રામની બંગડી અને 14 ગ્રામ સોનાનો ભુક્કો, કુલ 7.56 લાખ રૂપિયાની ચોરી કરી ફરાર થઈ ગયો. દુકાન માલિકે કારીગર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. કાલુપુરમાં આવેલી એક જ્વેલર્સની દુકાનમાં કામ કરતા એક કારીગરે માલિક સાથે વિશ્વાસઘાત કરી 7.56 લાખ રૂપિયાના સોનાની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. કાલુપુરમાં સંદિપ જ્વેલસના સંદિપ ઘોષે પોતાના કારીગર વિશ્વનાથ ઉર્ફે વિસુને ઓર્ડર મુજબ તૈયાર કરેલી બંગડીઓ અને સોનાનો ભુક્કો ફાઈનલ ટચિંગ માટે આપ્યો હતો. ત્યાર બાદ આ કારીગર ચા પીવાના બહાને દુકાનેથી નીકળીને 38 ગ્રામની એક બંગડી અને 14 ગ્રામ સોનાના ભુક્કા સાથે રફુચક્કર થઈ ગયો હતો. આ અંગે દુકાન માલિકે પોતાના જ કારીગર સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી અનુસાર, કાલુપુર વિસ્તારમાં આવેલી જ્વેલર્સની દુકાનના માલિક સંદિપ ઘોષે તેના કારીગર વિશ્વનાથ ઉર્ફે વિસુ સામે સોનાની ચોરીની ફરિયાદ નોંધાવી છે. 19મી ઓગસ્ટના રોજ તેને અન્ય એક વેપારી યતિનકુમાર પટેલ તરફથી 198 ગ્રામ 24 કેરેટ કાચું સોનું 4 બંગડીઓ બનાવવા માટે મળ્યું હતું. સંદિપે અને તેમના કારીગર વિશ્વનાથે કામ શરૂ કર્યું હતું અને 28મી ઓગસ્ટ સુધીમાં 160 ગ્રામની 22 કેરેટ સોનાની 4 બંગડીઓ તૈયાર કરી લીધી હતી.

આ તૈયાર બંગડીઓ અને 55 ગ્રામ જેટલો સોનાનો ભુક્કો તિજોરીમાં મૂકીને તેઓ દુકાન બંધ કરીને ગયા હતા. ત્યાર બાદ 29મી ઓગસ્ટે સવારે તેઓએ દુકાન ખોલીને આ બંગડીઓ અને ભુક્કો વિશ્વનાથને ફાઈનલ ટચિંગના કામ માટે આપ્યો હતો. ત્યાર બાદ વિશ્વનાથ ચા પીવા જવાનું કહીને દુકાનેથી નીકળ્યો હતો પણ ઘણો સમય થયા પછી પણ તે પાછો આવ્યો નહોતો અને તેનો ફોન પણ બંધ આવતા સંદિપને શંકા ગઈ હતી.

**ઓનલાઈન ફૂડથી ક્લાઉડ કિચન સુધી તંત્રની લાલ આંખ**

## ફૂડ સેફ્ટી સાથે ચેડા કરનારાઓને હવે કોઈ છૂટ નહીં : તુકારામ મૂંડેનો સણસણતો સંદેશ

અમદાવાદ

અમદાવાદની ધરતી પરથી ગુજરાતના ફૂડ સેફ્ટી અને ફૂડ એડમિનિસ્ટ્રેશન (FDA) તંત્રના નવા કમિશનર તુકારામ મૂંડેએ પોતાના કડક મિજાજ અને બેબાક અંદાજમાં એક મોટું અને વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. અમદાવાદ સ્થિત જાણીતી કર્ણાવતી યુનિવર્સિટીના એક કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચેલા તુકારામ મૂંડેએ રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનાર ખાદ્ય વેપારીઓ, ઓનલાઈન ફૂડ એપ્સ અને કોર્પોરેટ કંપનિઓને સીધી ચેતવણી આપી દીધી છે. ગુજરાતમાં ફૂડ સેફ્ટી અને સ્ટાન્ડર્ડ્સના કાયદાઓનું ચુસ્તપણે પાલન કરાવવા માટે હવે તંત્ર કોઈ પણ ભોગે પીછેહટ નહીં કરે તેવો સ્પષ્ટ સંકેત તેમણે આપ્યો છે. આજના ડિજિટલ યુગમાં ઘરે બેઠા એક ક્લિક પર ખાવાનું મંગાવવાનો ક્રેઝ વધ્યો છે, પરંતુ તેની પાછળ છુપાયેલા સ્વાસ્થ્યના જોખમો પર તુકારામ મૂંડેએ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે મંચ



પરથી સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, જે પ્રકારે ઓનલાઈન ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ્સ ગ્રાહકો સુધી ખાદ્ય પદાર્થો પહોંચાડી રહ્યા છે, તેમાં હાઈજીન (સ્વચ્છતા) અને ક્વોલિટી કંટ્રોલના નિયમોનું કડક પાલન થવું અનિવાર્ય છે. ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે રમત રમતી ઓનલાઈન ફૂડ ચેન સામે કાયદાકીય શિરોમણી બેસાડવામાં આવશે. શહેરોમાં ગલીએ-ગલીએ ધમધમતા ક્લાઉડ કિચન (Cloud Kitchen) અને ડાર્ક સ્ટોર્સ (Dark Stores) માં બનતા ખોરાકની ગુણવત્તા કેવી હોય છે, તેની કોઈ ચોક્કસ તપાસ થતી નથી.

# સંક્ષીપ્ત સમાચાર

### જુહાપુરામાંથી દસ લાખથી વધુના એમડી ડ્રગ્સ સાથે કુખ્યાત કાદર ઉર્ફે ઘુવડ ઝડપાયો, બે ફરાર શખ્સોને પકડવા પોલીસની કાર્યવાહી

શહેરના અત્યંત સંવેદનશીલ ગણાતા જુહાપુરા વિસ્તારમાંથી ઝોન સાત એલસીબીની ટીમે બાતમીના આધારે ત્રાટકીને દસ લાખ સત્તર હજાર રૂપિયાની કિંમતનું કુલ ત્રણસો ઓગણચાલીસ ગ્રામ એમડી ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. ડ્રગ્સના આ મોટા જથ્થા સાથે કાદર ઉર્ફે ઘુવડ મિયાણા નામના શખ્સને તેની કારમાંથી રંગેહાથ દબોચી લેવામાં આવ્યો છે, જ્યારે આ ગેરકાયદે ખેલમાં સામેલ તેના અન્ય સાગરિતોની શોધખોળ શરૂ કરવામાં આવી છે. ઘટનાની વિગતવાર વાત કરીએ તો ઝોન સાત એલસીબીની ટીમ પેટ્રોલિંગ અને વોચમાં હતી તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે જુહાપુરા વિસ્તારમાં એક શંકાસ્પદ કારને ઘેરી લેવામાં આવી હતી. કારની તલાશી લેતા અંદરથી લાખો રૂપિયાની કિંમતનો માદક પદાર્થ મળી આવ્યો હતો. પોલીસે કાદર ઉર્ફે ઘુવડ મિયાણા નામના મુખ્ય આરોપીની ધરપકડ કરી લીધી છે અને તેની પાસેથી ડ્રગ્સ તેમજ વાહન સહિત કુલ પંદર લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### સિંગરવાના 73 વર્ષીય નિવૃત્ત પ્રોફેસર 'ડિજિટલ એરેસ્ટ' સ્કેમનો શિકાર, સોળ લાખથી વધુ ગુમાવ્યા

અમદાવાદમાં સાયબર ઠગાઈનો અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે જેમાં સિંગરવા વિસ્તારમાં રહેતા 73 વર્ષીય નિવૃત્ત પ્રોફેસર ડિજિટલ એરેસ્ટ નામના ખતરનાક સાયબર સ્કેમનો ભોગ બન્યા છે. સાયબર ગઠિયાઓએ નકલી પોલીસ અને એટીએસ અધિકારી બનીને વૃદ્ધ પ્રોફેસરને એવી રીતે માનસિક દબાણમાં લીધા કે તેમણે ડરમાં આવીને પોતાની જીવનભરની કમાણીમાંથી સોળ લાખ અઢાર હજાર રૂપિયા ગુમાવી દીધા છે. આ ગંભીર બાબતે પીડિત પ્રોફેસરે આખરે અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. ઘટનાની વિગતવાર વાત કરીએ તો ઓગસ્ટની ઓગણત્રીસ તારીખે પ્રોફેસરના ફોન પર એક અજાણ્યો કૉલ આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ બનાવરસ પોલીસ હેડ ઓફિસના અધિકારી તરીકે આપી હતી. આ શરૂઆત હતી એક ભયાનક ખેલની. ત્યારબાદ ઠગ ટોળકીના અન્ય સાગરિતોએ પોતાને એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ એટલે કે એટીએસના ઉચ્ચ અધિકારીઓ તરીકે રજૂ કર્યા હતા અને પ્રોફેસર પર કાયદાકીય કારવાઈનો ગાળિયો કસવાનું શરૂ કર્યું હતું.

### લૉ ગાર્ડનના સ્ટારબક્સમાં યુવકનું પર્સ તફડાવ્યું, પછી ક્રેડિટ કાર્ડથી રૂ.27 હજારની ખરીદી

અમદાવાદ શહેરના લૉ ગાર્ડન પાસે આવેલા સ્ટારબગ કોફી શોપમાં યુવક આવ્યો હતો.યુવકને ફોન આવતા બેગ ટેબલ પર મૂકીને બહાર ગયો ત્યારે એક અજાણી યુવતી યુવકના ટેબલ પર આવી હતી જેને યુવકના બેગમાંથી પર્સ ચોરી કરી લીધું હતી જે ચોરીની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.યુવતીએ યુવકના ચોરી કરેલા પર્સમાંથી મળેલા ક્રેડિટ કાર્ડમાંથી 27 હજારની શોપિંગ પણ કરી છે. જે મામલે નવરંગપુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અને પોલીસ ફરિયાદમાં જ સ્ટારબગ કોફી શોપનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ત્રાગડમાં રહેતા રવિન્દ્ર યાદવની અમદાવાદમાં અલગ અલગ જગ્યાએ એનીટાઈમ ફિટનેસ નામથી જીમ ચલાવે છે. રવિન્દ્રભાઈ રોજ અલગ અલગ જિમમાં વિઝીટ માટે જાય છે.26 સપ્ટેમ્બરે પણ બપોરે 2 વાગે પાલડીના જીમથી નીકળીને લો ગાર્ડન તરફ આવ્યા હતા, ત્યારે લૉ ગાર્ડન પાસે આવેલા સ્ટારબગમાં ચા પીવા માટે બેઠા હતા.આ દરમિયાન એક ફોન આવતા રવિન્દ્રભાઈ ટેબલ ઉપર બેગ મૂકીને ફોન પર વાતચીત કરવા માટે બહાર ગયા હતા.જે બાદ બેગ લઈને ગાડીમાં બેસ્યા હતા ત્યારે પર્સ ચેક કરતા પર્સ મળ્યું ન હતું.

### અંધારામાં ખાડા ન દેખાતાં વાહનચાલકો મુશ્કેલીમાં : વટવામાં 8 મહિનાથી રસ્તાની હાલત બિસમાર

વટવા વિસ્તારમાં અમન રોયલ એપાર્ટમેન્ટથી સિલ્વર બંગલો સુધીનો રોડ છેલ્લા લગભગ આઠ મહિનાથી ખસ્તાહાલ બન્યો છે. રોડ પર ઠેર-ઠેર ખાડા અને ઉબડખાબડ સપાટી હોવા છતાં તંત્ર દ્વારા હજુ સુધી યોગ્ય સમારકામ કરવામાં આવ્યું નથી. પરિણામે આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો માટે રોજિંદી મુસાફરી જોખમી બની છે. ખાસ કરીને રાત્રિના સમયે રોડ પરના ખાડા સ્પષ્ટ દેખાતા ન હોવાથી અકસ્માતનું જોખમ વધી જાય છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ માર્ગ પર દિવસ દરમિયાન પણ વાહનચાલકોને મુશ્કેલી પડે છે, પરંતુ રાત્રે સ્થિતિ વધુ ગંભીર બની જાય છે. અંધારામાં અચાનક ખાડો સામે આવતા ટુ-વ્હીલરચાલકો વાહનનું સંતુલન ગુમાવી દે છે. આવા બનાવોમાં અનેક વખત વાહનચાલકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. રોડની ખરાબ સ્થિતિને કારણે વાહનોને પણ નુકસાન થતું હોવાની ફરિયાદો છે. રોડના સમારકામ માટે સ્થાનિકો દ્વારા સંબંધિત તંત્ર સમક્ષ અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. જેના કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અકસાન સર્જાય અને કોઈનો જીવ જાય ત્યાર બાદ જ તંત્ર રોડનું સમારકામ કરશે કે અગાઉથી પગલાં ભરશે? તેવો સવાલ પણ સ્થાનિકો ઉઠાવી રહ્યા છે.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI